સુવિચાર

અભ્યાસ અને તાલીમ કઠોર લાગે, પણ જ્યાં સુધી પુરૂં શિક્ષણ નહીં લો ત્યાં સુધી સફળ થવું અને પૈસા કમાવવા મુશ્કેલ લાગશે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૬/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ



શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૪૫


## જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીથી માત્ર ૧૭ કિ.મી. દૂરથી સુવિધા મળી શકે તેમ છે

# સોમનાથ-ચિતલ (અમરેલી)-નવી દિલ્હી અને મુંબઈ વચ્ચે રેલ્વે શરૂ કરવી જરૂરી

**અમરેલી શહેરમાં બ્રોડગેજ લાઈન હજુ એક દાયકા સુધી મળે તેમ ન હોય ચિતલનો લાભ લેવો જોઈએ**

**દેશનાં મહત્વનાં બે શહેરો દિલ્હી અને મુંબઈને સોમનાથ સાથે જોડવામાં આવે તો અમરેલી પંથકને લાભ મળે**

**સત્તાધારી પક્ષનાં મહત્વનાં આગેવાનોએ પ્રધાનમંત્રી અને રેલ્વે મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરે તેવી માંગ ઉભી થઈ**

**અમરેલી-ચિતલ વચ્ચેનાં માર્ગને ફોરલેન બનાવી દેવાથી માત્ર ૧૫ મિનિટમાં પહોંચી શકાય**

પ્રતિકાત્મક તસ્વીર










અમરેલી, તા. ૨

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં હજુ સુધી શહેરમાં બ્રોડગેજ રેલ્વે લાઈન ન હોવાથી જિલ્લાનાં મુખ્ય મથકની દોઢ લાખની જનતા તેમજ આજુબાજુ મળી કુલ પાંચ લાખની જનસંખ્યા રેલ્વે સુવિધાથી વંચિત રહી ગઈ છે.

અમરેલીને આગામી એક દાયકા સુધી બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળે તેવા કોઈ એંધાણ નથી. ત્યારે જે કોઈ પદાધિકારી જવાબદાર હોય તે પરંતુ હવે તે બધી આક્ષેપ-પ્રતિ આક્ષેપબાજી કરવાનો સમય પણ પસાર થયો હોય. સત્તાધારી પક્ષનાં ધારાસભ્ય, સાંસદ અને મહત્વનાં અન્ય આગેવાનો કે જેઓને અમરેલીની જનતાએ ભરપૂર માન-સન્માન આપેલ હોય બદલામાં તમામ આગેવાનો એક અને નેક બનીને અમરેલીથી ૧૭ કિ.મી. દૂર

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુની ૩ ઘટના

# લાઠીનાં અકાળા ગામનાં વૃધ્ધ પિતાએ પુત્રની આર્થિક સંકડામણની ચિંતામાં ગળાફાંસો ખાઈ લીધો

**તરવડાનાં યુવકે માતાનો ઠપકો સહન ન થતાં કૂવામાં પડી આત્મહત્યા કરી**

અમરેલી, તા. ૨

લાઠી તાલુકાનાં અકાળા ગામે રહેતા મનુભાઈ દેવરાજભાઈ લુખી નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધનાં દીકરા નિલેશભાઈ જે સુરત ખાતે તેમના પરિવાર સાથે રહેતા હોય તેમને એકાદ વર્ષ પહેલા સુરત મુકામે હીરા કામમાં નુકસાન જતાં અને આર્થિક સંકડામણ થતાં જેના કારણે વૃધ્ધ ટેન્શનમાં રહેતા હોય. જેથી વૃધ્ધે તા. ૧નાં રોજ સાંજના સમયે પોતે પોતાની મેળે ઘરમાં ગળાફાંસો ખાઈ લેતા વૃધ્ધનું મૃત્યુ નિપજયું હતું.

બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાનાં નેસડી ગામે રહેતા જીતેશભાઈ બાલુભાઈ કથીરીયા નામનાં યુવકનાં ૫ વર્ષિય પુત્ર જશ તા. ૧ નાં રોજ સવારે ૯ વાગ્યાનાં સમયે પોતાના ઘરે ફળીયામાં રમતો હોય. ત્યાં જમીનમાં પાણીનો ખુલ્લો ટાંકો હોય તેમાં બાળક રમતા રમતા પડી જતાં ૫ વર્ષિય બાળકનું મૃત્યુ નિપજયું હતું.

જયારે ત્રીજા બનાવમાં અમરેલી તાલુકાનાં તરવડા ગામે રહેતા અલ્પેશભાઈ રમેશભાઈ બારૈયા નામનાં ૧૮ વર્ષિય યુવક વધારે રૂપિયા વાપરતો હોય. જેથી તેમની માતાએ ઠપકો આપતા યુવકને લાગી આવતા પોતે પોતાની મેળે કૂવામાં પડી જતાં માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં યુવકનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## લાખો રૂપિયાનાં નુકસાનની આશંકા

# અમરેલીનાં ચિત્તલમાં ભરબપોરે લાતી બજારમાં આગથી અફડાતફડી

**અમરેલીની ફાયર ટીમે આગ પર કાબુ મેળવ્યો**



અમરેલી, તા. ૨

ચિત્તલ ખાતે આજે તારીખ ૨નાં બપોરનાં સમયે લાતી બજારમાં આવેલ નેશનલ ટિમ્બર તથા મહેન્દી ટિમ્બર ખાતે આગ લાગવાની ઘટના બનેલી હતી. આ ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમમાં કરવામાં આવતાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવી તેમજ વાયરલેસ ઓફિસર હરેશભાઈ સરતેજા સહિતની ટીમ તાત્કાલિક ચિત્તલ મુકામે ઘટના સ્થળ પર પહોંચી આગને કાબુમાં લેવાના પ્રયત્ન ચાલુ કરેલા હતા. આગ લાગવાના સ્થળ ઉપર ત્રણ જેટલા લાકડાનાં ગોડાઉન આગની લપેટમાં આવેલા હતા. જેમાં એક ગોડાઉનની છતનો ભાગ ધરાશાયી થવા પામેલ હતો. આ સંપૂર્ણ કામગીરી કરી બે કલાકમાં પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં સદ્નસીબે કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામેલ નથી.

## દિલીપભાઈ પરમાર નામનાં યુવક ઉપર આફત

# અમરેલીમાં પુત્રને મળવા આવેલ યુવકને પત્નિએ બ્લેડ મારી ઈજા કરી

**પત્નિ, સાળા સહિત ૩ વ્યકિતઓ સામે ફરિયાદ**

અમરેલી, તા. ૨

અમરેલી તાલુકાનાં

અનુસંધાન પાના ૬ ઉપર


જોઈએ છે

પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે

શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી હોસ્પિટલ

હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084

ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.



નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

ઉત્કૃષ્ટ પરિણામની અવિરત પરંપરા...
No. 1 English Medium School in Amreli

SHRIHARI SCHOOLS

Near Railway Crossing, Lathi Road, Amreli.

Std. 6th to 12th Science & Commerce

સ્કૂલની આ વિશેષતાઓ નથી પરંતુ પરંપરા છે...
- દરેક વિષયનું તલસ્પર્શી જ્ઞાન જેથી વિદ્યાર્થીને અન્ય બહાર ટ્યુશનની જરૂર ન રહે
- અત્યાધુનિક Kota (રાજસ્થાન) પ્રિન્ટેડ સ્ટડી મટીરીયલ્સ જેમાં બોર્ડ તથા પ્રશ્ન બેન્કના વધુમાં વધુ પ્રશ્નો...
- ચેપ્ટરના અંતે રીવીઝન અને પર્સનલ ડાઉટ સોલ્યુશન...
- શિક્ષકો એ જ સંચાલકો જેથી ટીમ બદલવાનો પ્રશ્ન રહેતો નથી...
- દરેક વર્ગમાં ખૂબ જ મર્યાદિત સંખ્યા હોવાથી દરેક વિદ્યાર્થીને અપાતું વ્યકિતગત માર્ગદર્શન....
- લેક્ચર ટેસ્ટ, વિકલી ટેસ્ટ, યુનિટ ટેસ્ટ, રીપીટેડલી રાઉન્ડ ટેસ્ટ, મોક ટેસ્ટ દ્વારા માઈક્રો લેવલની ટીચીંગ પધ્ધતિ....

NCERT Text book ઉપરાંત સ્કૂલ સમય પછી દરરોજ ત્રણ કલાકનું NEET / JEE નું કોચિંગ

કોમર્સના વિદ્યાર્થીઓ માટે વિવિધ ઔદ્યોગિક સંસ્થાની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ...

કોમર્સમાં થીયરી સાથે પ્રેકટીકલ શિક્ષણમાં Project Work & Presentation...

છેલ્લા દશ વર્ષથી અમરેલી જિલ્લાની અંગ્રેજી માધ્યમની જાણીતી વિશ્વાસપાત્ર અને સચોટ પરિણામ આપતી No.1 English Medium School...

Std.11th & 12th કોમર્સમાં અંગ્રેજી માધ્યમના એક્સપર્ટ ટીચરોની ટીમ દ્વારા અપાતું શિક્ષણ...

Std.11th & 12th કોમર્સનાં વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથેનું કોમર્સ એજ્યુકેશન...

ADMISSION OPEN

Std. 6 to 8

Std. 9 & 10

Std. 11 & 12 Science & Commerce

એડમિશન માટે રૂબરૂ સંપર્ક : સવારે ૦૭:૦૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.

સંચાલકો


Jagrut Sir Kanpariya 9409328043 | N. B. Parmar Sir 9998797184 | Bhavik Sir Vasani 9725046017

## વન વિસ્તાર ૨૫૧ ચો.કિ.નું હતું જે વધીને ૨૬૫ ચો.કિ. થયું

# ભૈ વાહ : અમરેલી જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં ૬.૮૦ લાખ વૃક્ષોનું વાવેતર

### જિલ્લામાં ''તાઉતે'' વાવાઝોડા બાદ વૃક્ષોનું રિસ્ટોરેશન અભિયાન તેજ ગતિથી આગળ વધ્યું





અમરેલી, તા. ૨

"The Earth has enough resources for pur need but not for pur greed." આ વાત મહાત્મા ગાંધીજીએ વર્ષો પહેલા કરી હતી. આપણે સૌ આજે એકવીસમી સદીના ત્રીજા દશકમાં જીવી રહ્યા છીએ. તમામ દેશો આજે વિકાસની તેજ દોડ લગાવી રહ્યા છે. સૌએ વિકાસના વિચારની સાથે સાથે પર્યાવરણ સંરક્ષણનો વિચાર પણ કરવો અનિવાર્ય બની ચૂકયો છે. પર્યાવરણને બચાવવું એ સૌની નૈતિક જવાબદારી પણ ખરી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના મતે પૃથ્વીનું સંરક્ષણ દરેક માનવીએ જાતે જ કરવું પડશે. આવનારી પેઢીઓને સુંદર પૃથ્વીની ભેટ આપવી એ સૌ કોઈનું સહિયારૂં ઉત્તરદાયિત્વ છે. દર વર્ષે યુનાઈટેડ નેશન્સ દ્વારા તા. ૫ જૂનના રોજ વિ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રથા વર્ષ ૧૯૭૩માં શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૨ના સ્ટોકહોમ સંમેલનમાં પર્યાવરણના સંરક્ષણનો વિચાર વહેતો થયો અને ત્યારબાદ દર વર્ષે આ દિનની ઉજવણી એક વિશિષ્ટ થીમ સાથે કરવામાં આવી રહી છે, જેનો હેતુ લોકોને પર્યાવરણ પ્રતિ જાગૃત્ત બનાવવાનો અને પૃથ્વીને તમામ પ્રકારના પ્રદૂષણોથી મુકત કરવાનો છે.

વર્ષ ૨૦૨૩માં પર્યાવરણ દિવસની થીમ #Beat Plastic Pollution છે. ભારત સહિત વિના તમામ દેશો આજે પ્લાસ્ટિકને ભવિષ્યના એક ખતરા સ્વરૂપે જોઈ રહ્યા છે અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ વિરૂદ્ધ લડાઈ લડી શરૂ કરી છે. પ્લાસ્ટિક ઉપયોગના કારણે જમીન પર જ નહીં દરિયામાં પણ પ્રદૂષણ વધી રહ્યું છે. દરિયાની જીવસૃષ્ટિ પર પણ ખતરો છે. આજે પ્લાસ્ટિક પ્રદૂષણ વિરૂદ્ધની લડાઈમાં વિના તમામ દેશોએ તેના ઉપયોગ પર કાયમી પ્રતિબંધ મુકી પર્યાવરણ સંરક્ષણમાં યોગદાન આપવું અનિવાર્ય બની ચૂકયું છે. વર્ષ ૨૦૧૯–૨૦માં ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ વિરૂદ્ધની લડાઈ માટે વારાણસી આસપાસના ૭૦૦ જેટલા ગામના સરપંચોને સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ માટે પત્રો લખ્યા હતા અને ભારતની આ લડાઈ સતત આગળ વધી રહી છે.

અમરેલી જિલ્લામાં તાઉતે વાવાઝોડા બાદ વૃક્ષોનું રિસ્ટોરેશન અભિયાન તેજ ગતિથી આગળ વધ્યુ છે. અહીં ગીર જંગલ વિસ્તારનો ઘણો ખરો ભાગ આવેલ છે. વર્ષ ૨૦૧૬–૧૭માં જિલ્લાનું ફોરેસ્ટ કવર અંદાજે ૨૫૧ ચો.કિમીનું હતું જે સતત વધીને વર્ષ ૨૦૨૧–૨૨માં ૨૬૫ ચો.કિમી થયું છે. જિલ્લામાં વૃક્ષારોપણ થઈ રહ્યું છે અને લોકોમાં પર્યાવરણ સંરક્ષણ પ્રતિ જાગૃતત્તા વધી રહી છે. અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ થયું છે. વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ ૨,૭૫,૬૬૬ અને વર્ષ ૨૦૨૨–૨૩માં ૪,૦૫,૦૮૮ વૃક્ષોનું વાવેતર થયું છે. આમ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૬,૮૦,૭૫૪ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

આજે વિમાં ગ્લોબલ વોર્મિંગ (વૈકિ જળવાયુ પરિવર્તન) સતત વધી રહ્યું છે ત્યારે ભારત પર્યાવરણ સંરક્ષણને લઈ પોતાની જવાબદારી પ્રતિબદ્ધત્તા સાથે નિભાવી રહ્યું છે. ગ્લાસ્ગો ખાતે વર્ષ ૨૦૨૧માં સંયુકત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલન (COP–૨૬)માં સમગ્ર વિને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'Lifestyle for The Environment' એટલે કે, #Lifeનો મંત્ર આપીને તમામ દેશોને પર્યાવરણ બચાવવા અને વિના કલ્યાણ માટે આગળ આવવા આહવાન કર્યુ હતુ. ભારતે સ્વચ્છ ભારત મિશન, ક્લીન–ગ્રીન ઉર્જાને પ્રોત્સાહન, ઉજાલા અને ઉજજવલા યોજના, કુસુમ યોજના થકી પર્યાવરણ સંરક્ષણમાં પોતાનું યોગદાન આપ્યું છે. ગુજરાતમાં સોલાર ઉર્જાને સતત પ્રોત્સાહન મળી રહ્યું છે જેમાં અમરેલી જિલ્લાના અનેક ખેડૂતોએ પોતાની ખેતીની જમીનમાં પણ સોલાર ઉર્જાને પ્રોત્સાહન આપ્યું છે. ચાલો આપણે સૌ સાથે મળી આપણી નૈતિક જવાબદારી નિભાવીએ અને આપણા સૌની સહિયારી પૃથ્વી, પર્યાવરણનું રક્ષણ કરીએ ઉપરાંત વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને પર્યાવરણના રક્ષક બનીએ.

**આલેખન : ધર્મેશ એન.વાળા**
**તસવીર : એમ.એમ.ધડુક**

---

### શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતની રજૂઆત બાદ

## હાશકારો : લીલીયામોટાથી અમરેલી વચ્ચે બંધ થયેલ સવારની બસ પુનઃ શરૂ થઈ

### મુસાફરવર્ગમાં રાહતની લાગણી ફરી વળી

લીલીયા, તા. ૨

લીલીયા જિલ્લા પંચાયત સદસ્ય અને અમરેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલભાઈ દુધાત દ્વારા લીલીયાથી અમરેલી કે જે બસ સવારે ૭:૪૫ કલાકે લીલીયાથી અમરેલી જતી હોય જેનો વિદ્યાર્થી વર્ગ, વેપારી વર્ગ, નોકરીયાત વર્ગ, મજૂર વર્ગ લાભ લેતો હોય. ત્યારે એ બસ અનિયમિત હોવાથી અને છેલ્લા ઘણા દિવસોથી એ બસ સદંતર બંધ થતા આ



બધા વર્ગોને ના છૂટકે એકસપ્રેસ બસમાં જવું પડતું. જેની જાણ યુવા નેતૃત્વ અને જનતાના પ્રશ્નો માટે સતત રજૂઆતો કરતા વિપુલભાઈ દુધાતને કરાતા તાત્કાલિક ડેપો મેનેજર અમરેલીને ટેલીફોન મારફત જાણ કરાતા આ બસની સુવિધા ફરી આજ સવારથી ચાલુ કરવામાં આવેલ. જેથી આ તમામ વર્ગ તેમજ લીલીયાની જનતા વિપુલભાઈ દુધાતનો આભાર માની રહી છે તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે.

---

### ભીમ અગિયારસ બાદ પણ જુગાર શરૂ

## લાઠી : હરસુરપુર દેવળીયાની સીમમાં જુગાર રમતાં ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

અમરેલી, તા. ૨

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈકાલ તા. ૧/૦૬/૨૦૨૩ની રાત્રીનાં લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે લાઠી તાલુકાનાં હરસુરપુર દેવળીયા ગામથી ખીજડીયા જંકશન જવાના કાચા રસ્તે, માળ તરીકે ઓળ ખાતી સીમમાં જાહેરમાં હાથબત્તીનાં અંજવાળે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા આઠ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ, મોબાઈલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી,



તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

---

### તાલુકા વિકાસ અધિકારીને ફરિયાદ

## સા.કુંડલા : વાંશીયાળી ગામે માર્ગ બનાવવામાં ગેરરીતિનો આક્ષેપ

### ભ્રષ્ટાચાર હવે નાના ગામ સુધી પહોંચ્યો



સાવરકુંડલા, તા. ૨

વાંશીયાળી ગામે ૧૫% વિવેકાધીન યોજનામાંથી ઢોલરીયા પ્લોટમાં કરવામાં આવેલ આર.સી.સી. કામમાં નિયમ મુજબ બોક્ષ કટીંગ કરવામાં આવેલ નથી તેમજ લેવલ લેવામાં આવેલ નથી. તેમજ પી.સી.સી. બિલકુલ કરવામાં આવેલ નથી. તેમજ જે મટીરીયલ્સ વાપરવામાં આવેલ છે તે હલકી ગુણવત્તાનું વાપરવામાં આવેલ છે. જે રેતી વાપરવામાં આવેલ તે માટીવાળી છે. તેમજ લેવલ ન લેવાના કારણે આર.સી.સી. રોડની જાડાઈ ૩ ઈંચ થી ૧ ઈંચ સુધીની થયેલ છે. પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કામગીરી થયેલ નથી. તેમજ રાજકીય સપોર્ટનાં કારણે અગાઉ પણ પી.વી.સી. ગટર તેમજ પેવીંગ બ્લોક અને હાલ આ આર.સી.સી. કામમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હોય તટસ્થ તપાસ કરવા જાગૃત નાગરિકે ટીડીઓને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

---

### તારવાડી વિસ્તારની ઘટના

## અમરેલી : રીક્ષાનાં ભાડાનાં પૈસા માંગતા યુવકને માથામાં પાઈપ ઝીંકયો

### ભાવેશ જોગરાજીયા સહિત ૪ સામે પોલીસમાં ફરિયાદ

અમરેલી, તા. ૨

અમરેલી તાલુકાનાં રાજસ્થળી ગામે રહેતા અને ડ્રાયવીંગ કરતાં કાજરઅલી હુસેનઅલી બુખારી નામનો ૩૩ વર્ષિય યુવક ગત તા. ૧નાં રોજ સાંજે અમરેલીમાં તારવાડી પાસે રહેતા ભાવેશ જોગરાજીયા પાસે રીક્ષા ભાડાનાં પૈસા લેવા જતાં તેમણે રૂપિયા આપવાની ના પાડી તથા તેમનાં બે ભાઈઓ તથા પિતા સહિતનાં લોકોએ ડ્રાયવર યુવકને માથામાં લોખંડનો પાઈપ મારી ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ સીટી પોલીસમાં નોંધાઈ છે.

---

## અમરેલીની લો–કોલેજમાં સેમે–૧ની પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમરેલી, તા. ૨

મણીધર એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એસ.ડી. કોટક લો કોલેજમાં એલ.એલ.બી. સેમેસ્ટ–૧માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ અંગે તારીખ ૦૫/૬/૨૦૨૩ થી ૧૫/૦૬/૨૦૨૩ દરમ્યાન કોલેજ કાર્યાલય સમય ૧૧ થી ૨ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરી શકશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટની સૂચના મુજબ મેરિટનાં ધોરણે પ્રવેશ આપવામાં આવશે. વધુ માહિતી કોલેજનાં નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

---

### પત્રકાર સંઘનાં પ્રમુખ ઈકબાલ ગોરી દ્વારા

## સાવરકુંડલા શહેરમાં સરકારી અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવા માંગ

### ખાનગી શાળાની મોંઘી ફી ગરીબ પરિવારોને પોસાતી નથી

સાવરકુંડલા, તા. ૨

આમ તો હવે ધોરણ એકથી પાંચ માતૃ ભાષામાં શિક્ષણ આપવાનું સરકારએ ઠરાવ્યું છે છતાં પણ લોકોનો અંગ્રેજી માધ્યમ તરફનો ક્રેઝ ઘટતો નથી. એટલે કમસેકમ કમ એક સરકારી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા સાવરકુંડલા શહેરની જરૂરિયાત ગણાય ખરી. આમ ગણીએ તો અંગ્રેજી માધ્યમની ખાનગી શાળાઓમાં ફીનું ધોરણ ઉંચુ હોય આમજનતા અને મધ્યમ વર્ગના માટે આર્થિક દ્રષ્ટિએ એ થોડું આકરું ગણાય. જો સાવરકુંડલા શહેરમાં કમસેકમ કમ એક સરકારી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા ઉપલબ્ધ થાય તો સાવરકુંડલા શહેરના મધ્યમ વર્ગના લોકોને પણ આંશિક આર્થિક રાહત થાય. આ વધતી જતી મોંઘવારી અને વર્ષ પ્રતિવર્ષ મોંઘું થતું શિક્ષણ હવે આર્થિક રીતે આમ આદમીની કેડ ભાંગી નાખે તેવું થતું જાય છે. આમ તો વધતાં જતાં ખાનગી શિક્ષણના અભિગમ પ્રત્યે લોકોએ પણ પોતાનું વલણ બદલી સરકાર દ્વારા પ્રાપ્ત થઈ રહેલ સરકારી શિક્ષણ વ્યવસ્થા તરફ પરત ફરવાનો સમય પણ આવી ચૂકયો છે.

સાવરકુંડલા શહેરમાં એક અંગ્રેજી માધ્યમની શાળા શરૂ થાય એ આમજનતા માટે જરૂરી છે અને સાંપ્રત સમયની માંગ પણ ખાનગીકરણના ઝોકથી પરત ફરી સરકાર દ્વારા નિર્ભર શાળાઓમાં પોતાના સંતાનોને દાખલ કરવાની સમજ પણ હવે કેળવવી જોઈએ.વાલી સતર્ક થશે તો પણ શિક્ષણ પ્રણાલીમાં ઘણાં ક્રાંતિકારી સુધારા આવી શકે છે.

સાવરકુંડલા પત્રકાર સંઘના પ્રમુખ ઈકબાલભાઈ ગોરીએ તેમના જન્મદિવસ નિમિતે તંત્ર પાસે એક સરકારી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા ફાળવવા માટે જાહેર માંગ ઉઠાવી છે.

## ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં સસરા નાનજીભાઈ હિરપરાનો ઓડિયો વાયરલ

# ચલાલામાં અશુધ્ધ પીવાનાં પાણીને લઈને રોષની આંધી

**સ્થાનિક પાલિકામાં ચૂંટાયેલ પ્રતિનિધિનું શાસન હોય કે અધિકારીનું હોય શહેરીજનોની મુશ્કેલી દૂર થતી નથી**


**સત્તાધારી પક્ષનાં ધારાસભ્યનાં સસરા પણ ઉકળી ઉઠતા હોય તો આમ આદમીની શું પરિસ્થિતિ હશે તે સમજી શકાય**

**અગાઉ પદાધિકારીઓ અને હવે અધિકારીઓને શહેરીજનોનાં હિતની કોઈ ચિંતા થતી નથી તે હકીકત છે**

**ભ્રષ્ટાચાર, અનિયમિતતા અને આળશનાં કારણે સત્તાધીશોનો હવે કોઈને ડર રહ્યો નથી**

અમરેલી, તા. ૨

ચલાલા પાલિકા હંમેશા કોઈને કોઈ વિવાદમાં રહેતી જ હોય છે. થોડા મહિના પહેલા પદાધિકારીનાં શાસનમાં પણ વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદ ઉભી થયા બાદ હવે વહીવટદાર (અધિકારી)નું શાસન હોય તો પણ શહેરીજનોને શુધ્ધ પીવાનું પાણી મળતું નથી



બદબુદાર પાણીનું વિતરણ થતાં શહેરીજનોનાં આરોગ્ય પર ગંભીર ખતરો ઉભો થયો છે.

ધારી–ચલાલાનાં ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં સસરા નાનજીભાઈ હિરપરાએ મામલતદારને ફોન કરીને સમસ્યાનું વર્ણન કરીને પાલિકાનાં વહીવટદારની અનિયમિતતા અંગે ફરિયાદ કર્યાની વાતચીતનો ઓડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં વિકાસની ગુલબાંગો ફેંકતા સત્તાધારી પક્ષનાં આગેવાનોને શરમ અનુભવી પડી રહી છે.

## સત્તાનો નશો આકરા ઉનાળામાં વધારે ચડતો લાગે છે

# બગસરા ભાજપનાં અગ્રણીએ પીજીવીસીએલનાં કર્મચારીને ધમકાવતાં કોંગ્રેસ અને ''આપ'' મેદાનમાં

**અગાઉ પણ ભાજપ અગ્રણી સિંહને લઈને વિવાદમાં આવી ચુકયા છે**

વડિયા, તા. ૨

બે દિવસ પહેલા હવામાન વિભાગની આગાહી પ્રમાણે અમરેલી જિલ્લામાં મીની વાવાજોડું ફૂંકાયું એ સમયની ઘટના કે કુંકાવાવના અમરાપુર, ઢોલરવા વિસ્તારના ફીડરની લાઈટો ૩ દિવસથી બંધ હોવાથી કુંકાવાવ પીજીવીસીએલનાં કર્મચારીઓ આ ફીડર પર રીપેરીંગ કામ કરતા હતા. ત્યારે બગસરા નજીક આવેલ બાલાપુર ગામનું ફીડર પણ બંધ થયું હતું. ત્યારે બગસરા તાલુકા ભાજપ પ્રમુખે કુંકાવાવના પીજીવીસીએલ કર્મચારી સાથે પ્રથમ ટેલિફોનિક રજુઆત કરી હતી ત્યારે પીજીવીસીએલના કર્મચારીઓએ કહ્યું કે ઢોલરવા ફીડર છેલ્લા ત્રણ દિવસથી બંધ છે તે રીપેરીંગ કરી ત્યાં આવીશું. આ જવાબ સાંભળીને બગસરા તાલુકા ભાજપ પ્રમુખનો પીતો ગયો અને કર્મચારીઓ સાથે અભદ્ર વાણી વિલાસ કરીને નાના કર્મચારીને દબાવવાનો પ્રયાસ કર્યો અને દાદાગીરી કરી હોવાની આપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યા છે અને વડીયા–કુંકાવાવ તાલુકા આમ આદમી પાર્ટીના પ્રમુખ સુખાભાઈ વાળાએ મુખ્યમંત્રીને પત્ર લખીને રજુઆત કરી છે કે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા કુંકાવાવ વિસ્તારના અમરાપુર ગામે આવીને પીજીવીસીએલના કર્મચારીઓ ઉપર દાદાગીરી કરે છે અને આવા નાના કર્મચારીઓ ઉપર રોફ જમાવે છે.

ત્યારે પીજીવીસીએલ કર્મચારી સાથે ટેલિફોનિક ચર્ચા કરવામાં આવી તો એમને જણાવ્યું કે, અમારે રાત્રીના એકલા અમારી નોકરી કરવી હોય અને અમારે એકલા વાડી વિસ્તારોમાં કામગીરી હોય અને અમે ઘર પરિવાર લઈને બેઠા છીએ તો આ લોકો રાજકીય વગ ધરાવતા નેતાઓ કહેવાય અમારે એમની સાથે કે વિરૂદ્ધમાં કોઈ ફરિયાદ ન કરી શકાય માટે અમે એમની સાથે સમાધાન કરી નાખ્યું છે. ત્યારે આવા રાજકીય વગ ધરાવતા નેતાઓ અને હોદ્દેદારોની સામે અમરેલી જિલ્લા યુવા કોંગ્રેસ મહામંત્રી જુનેદ ડોડીયા અને વડીયા–કુંકાવાવ તાલુકા આપના પ્રમુખ સુખાભાઈ વાળાએ મીડિયા સમક્ષ ભાજપના હોદ્દેદારોની દાદાગીરીઓ વિશે આક્ષેપ કરીને મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરી છે અને થોડા સમય પહેલા આજ બગસરા તાલુકા ભાજપ પ્રમુખનો સિંહની પજવણી અને મારણ આરોગતા સિંહને પજવણી કરતા હોવાનો વિડિયો પણ વાઈરલ થયા હતા. પરંતુ એ મુદ્દો હજુ પૂર્ણ અને વનવિભાગે કોઈ કાર્યવાહી પૂર્ણ કરી નથી ત્યાં આ અમરાપુર વિસ્તારમાં આવીને નાના કર્મચારી સાથે દાદાગીરી કરવાના આક્ષેપ થયા છે. ત્યારે બગસરા તાલુકાના ભાજપ પ્રમુખ સામે દાદાગીરીના આક્ષેપ થયા છે. ત્યારે આ મુદ્દે જિલ્લા ભાજપે યોગ્ય તપાસ કરવી પડશે નહી તો લોકસભાની ચૂંટણીમાં જિલ્લાની જનતામાં અને કર્મચારીઓમાં ભાજપ પ્રત્યે નારાજગી થવાની શકયતાઓ માની શકાય છે.

## સાવરકુંડલા નજીક આવેલ હાથસણી ગામનું ગૌરવ : સાવલીયા વિદીશાબેન

**ધોરણ–૧૨ની પરીક્ષામાં મેળવ્યા ૯૬.૮૪ PR**

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા તાલુકાનાં હાથસણી ગામના વિદિશાબેન વિજયભાઈ સાવલીયાએ ધોરણ–૧૨ ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરતાં કુલ ૭૦૦માંથી ૫૭૫ માર્કસ સાથે ૯૬.૮૪ પી.આર. મેળવી સમગ્ર હાથસણી ગામ અને સાવલીયા પરીવારનું ગૌરવ વધારેલ છે. તેણીની આ સિધ્ધી બદલ તેઓ ભવિષ્યમાં ઉજજવળ કારકિર્દી પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.



## જાફરાબાદનાં અગ્રણી શકિતસિંહ જાડેજાનો આજે જન્મદિન

જાફરાબાદ, તા. ૨

જાફરાબાદ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતના ગરાશિયા રાજપૂત સમાજના યુવા આગેવાન અને આશાપુરા એન્ટરપ્રાઈઝ રાજકોટ અને સેવાને જ પોતાનો જીવન મંત્ર બનાવ્યો અને નાની દુનિયામાં મોટું નામ એવા સેવાભાવિ શક્તિસિંહ જાડેજાએ ૩૦ વર્ષ પૂર્ણ કરી ૩૧માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતા શુભેચ્છકોનો ધોધ વછૂટયો છે. પોતાની પ્રભાવી નેતૃત્વ શક્તિ દ્વારા જાફરાબાદ વિસ્તારના ભૂતપૂર્વ પ્રમુખ તરીકે આ વિસ્તારના યુવા માટે ઘણા ઉપયોગી કાર્યો કર્યા છે જેને લીધે આ વિસ્તારના યુવાનો પર તેઓનો સારો એવો પ્રભાવ પણ છે તો કામધેનુ ગૌશાળાના એક સારા અને મહેનતુ સભ્ય તરીકે આ પણ વિસ્તારના પશુધન માટે પણ સારી એવી મહેનત કરી છે તો આ વિસ્તારના લોકપ્રિય યુવા સમર્થક અને



વીજળીની ગતિથી બધાના કાર્ય કરનાર,લાગણીસભર. જોશીલા અને મોટા પ્રમાણમાં મિત્ર વર્તુળ અને સમર્થકો ધરાવનાર અને અહીંયા વિસ્તારના ખૂબ જ આબરૂદાર પરિવારમાંથી આવતા શક્તિસિંહ જાડેજા ને તેમના જન્મદિન નિમિતે સૌરાષ્ટ્ર મિત્ર મંડળ વતી શુભેચ્છાઓનો ધોધ વહેતો થયો છે.

## બગસરામાં ૯ જૂનનાં રોજ વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨

જેસિઝગૃપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૦૯/૬/૨૦૨૩ને શુક્રવારના રોજ ગૌ.વા. અરવિંદભાઈ જમનાદાસ ગોહેલ તથા ગૌ.વા. ભાનુમતિબેન અરવિંદભાઈ ગોહેલનાં સ્મરણાર્થે ગોહેલ પરિવારનાં સૌજન્યથી ૫૭૪મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટનાં સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશનની જરૂરિયાત વાળા દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે. ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા ગૌરાંગભાઈ ચુડાસમા પરિવાર તરફથી કરવામાં આવશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પનાં દિવસે સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫
પ્રવેશની ઉત્તમ તક...
ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થવાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org






મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર | LOVE GURU
- ૧૦૦% ચેલેન્જથી કામ
- હસ્તરેખા, લગ્નમાં વિલંબ
- લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
- મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
- નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
- ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
- એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
- પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
- મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
- શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત

મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૧૦,પહેલા માળે, ફિરદાબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
100% કોમર્સ
ધોરણ - ૧૧/૧૨ કોમર્સ (ગુજરાતી મીડીયમ)
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 50% |
| 90 થી 95 P.R. સુધી | 40% |
| 85 થી 90 P.R. સુધી | 25% |
| 65 થી 85 P.R. સુધી | 15% |
| 50 થી 65 P.R. સુધી | 10% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર...
કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથે અભ્યાસ...
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ ૧૧ કોમર્સથી CA FOUNDATION ની તૈયારી કરાવતી સંસ્થા
એડમીશન મેળવવા માટે તુરંત સંપર્ક કરો
નિકુંજ ગઢવાલા ▪ મો. ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ▪ મો. ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી.









# વાર્તા–વૈભવ

## ઓનલાઈન પેમેન્ટની કળા

**– પ્રથમ પી. પરમાર**



**આજકાલ 'ઓન લાઈન' 'ઓનલાઈન' ખૂબ સાંભળવા મળે છે. ભણતર ઓનલાઈન, ખરીદી ઓન લાઈન, ફિલ્મો – સંગીત – નૃત્ય ઓનલાઈન... અરે, ધર્મોપદેશ પણ ઓનલાઈન ! આપણા આ લેખકને પુસ્તક ઓનલાઈન ખરીદવાનું સૂઝયું અને જૂઓ કે શું થયું...**

આમ તો મારીઆર્થિક પરિસ્થિતિ એટલી બધી જરૂર કરતાં વધારે પડતી કહી શકાય એવી સારી છે કે મારે કોઈ વસ્તુ ખરીદવાની આવતી જ નથી : ઓનલાઈન પણ નહી અને ઓફલાઈન પણ નહીં. પરંતુ કોઈનાં લગ્નમાં આપણે ત્રણ–ત્રણ દિવસ સુધી જઈએ નવ ટંક, પેટ જયાં સુધી એમ ના કહે કે, ''હવે બસ કર અન્યથા હું ફાટી જઈશ.'' ત્યાં સુધી ખાઈએ ત્યારે માનવ–સ્વભાવમાં રહેલી થોડી એવી સજજનતા બહાર આવે અને આપણને ભેટ આપવાનું મન થતું હોય છે. આ ભેટ જે લગ્નરૂપી કુંડમાં હોમવાનો હોય એને આપવાની હોય છે. એ ભેટ ખરીદવા માટે હવે તો 'ઓનલાઈન' અને 'બજારુ ખરીદી' બંને વિકલ્પ છે.

''છેક પુરાતન કાળથી લઈને આજદિન સુધી માણસમાં હંમેશા કઈ વૃત્તિ પ્રબળ રહી છે ?'' ઈતિહાસનાં શિક્ષકે એના વર્ગમાં પૂછયું. એક મારા અને તમારા જેવા વાતડાહ્યા છોકરાએ જવાબ આપવા હાથ ઉંચો કર્યો. શિક્ષક કોઈ પથ્થરને હીરામાં રૂપાંતરિત થતો જોતા હોય એવી રીતે છોકરા સામે જોઈ રહ્યાં અને જવાબ આપવાની ઈશારા વડે સંમતિ આપી. છોકરો પથ્થરમાંથી હીરો નહિ પણ પારસમણિ બની ગયો હોય એવા વટ સાથે ઉભો થયો અને કહ્યું કે, '' સાહેબ, આ પ્રશ્નનો જવાબ છે આળસ.'' પછી શું થયું એ કહેવાની જરૂર નથી. પણ છોકરાની વાત તો એકદમ ખરી છે કે પહેલેથી જ માણસમાં આળસવૃત્તિ પ્રબળ છે.

પણ તમે જાણો છો આ આળસની એક મોટી સિદ્ધી શી છે ? આજે આપણે જે કોઈ ઓનલાઈન, ટેક્નોલોજીકલ સુવિધાઓ ભોગવીએ છીએ એ સંશોધકની મહેનત કરતાં માણસની આળસનું જ ફળ છે. જો ઈશ્વરે માણસને આળસ ન આપી હોત તો વિજ્ઞાન આટલું આગળ ન આવી શકયું હોત. સદ્ભાગ્યથી, મારા ગયા જન્મમાં મેં કરેલાં થોડાં ઘણાં પુણ્યથી મને પણ આ આળસ નામનું તત્વ ઈશ્વરે ગાડાં ભરી ભરીને આપ્યું છે. આથી મારે જયારે જયારે લગ્નમાં જવાનું થાય અને ભેટ આપવી પડે એમ હોય ત્યારે હું આળસને પ્રતાપે ઓનલાઈન ખરીદીનો જ વિકલ્પ પસંદ કરું છું પણ આ ઓનલાઈન ખરીદીની એક ખામી એ છે કે એમાં વસ્તુનાં પૈસા ચૂકવવા પડે છે અને એ પણ ઓનલાઈન !

વિજ્ઞાન આટલું બધું આગળ નીકળી ગયું છે ત્યારે મને પણ ક્ષણવાર તો આટ્ર્સનો અભ્યાસ છોડી દઈ કોઈક વખત વિજ્ઞાન પ્રવાહમાં ઘૂસી એવું સંશોધન કરવાનું મન થાય છે. કે એવી ઓનલાઈન ખરીદીની પદ્ધતિ શોધી કાઢું કે જેમાં ખરીદી કરવાની ઓનલાઈન પણ પૈસા ચૂકવવા પર પ્રતિબંધ ! પણ નકામો બીજા વિજ્ઞાનના આગામી વિદ્યાર્થીઓએ મારા પર અભ્યાસ કરવો પડશે અને એ બધાને નકામી તકલીફ પડશે એવી કરુણાસભર વિચારધારાથી હું એ કરવાનું માંડીવાળું છું. જોકે ઓનલાઈન પદ્ધતિમાં કેશ ઓન ડિલિવરીનો વિકલ્પ મળે છે પણ જયારે વસ્તુ ઝડપથી જોતી હોય ત્યારે એ દ્વાર બંધ હોય છે.

''લગ્ન નજીક આવી ગયાં પણ હજુ ભેટમાં આપવાની વસ્તુ લાવવાનો તને સમય ન મળ્યો ?'' આ પ્રકારનું વાકય મારા પિતાજી અવારનવાર કોઈ ભેટને પાત્ર મુરતિયા કે કન્યાના વિવાહમાં જવાનું હોય ત્યારે કહેતા હોય છે. ''એ થઈ જશે તમે ચિંતા ન કરો.'' ચિંતા કરવાનો વિષય હોવા છતાં આ પ્રકારનો જવાબ હંમેશા આપી દઉ છું. પણ દર વખતે મારી કાર્યવૃત્તિ પર, જેમ કામ–વિકાર પ્રહાર કરી યુવાનોની અભ્યાસનિષ્ઠાનો ભંગ કરે તેમ આળસવૃતિ મારી કાર્યવૃતિ પર પ્રહાર કરી તેને તોડી પાડે છે. મને તો જીવનમાં આળસ જેવી બીજી કોઈ ઉત્તમ વસ્તુ દેખાઈ નથી. ખબર નહિ કયાં મૂર્ખાઓએ એને આટલી બદનામ કરી હશે ? પણ હવે એ વાત બીજી કોઈ વખતે કરીશું.

એક વખત અમારા અંગત સગાના લગ્નમાં જવાનું હોવાથી શી ભેટ આપખવી એ ઉપર અમારા ઘરનાં ખોબા જેવડા હોલમાં જ્ઞાનસત્ર અથવા ચર્ચાસભા યોજાઈ, જેમાં હું અને મારા પિતાજી બે જ સભ્યો હતા. મેં પિતાજી સામે પુસ્તક આપવાનો પ્રસ્તાવ મૂકયો અને તે પુસ્તક ફાધર વાલેસનું 'લગ્ન સાગર' હતું. મારા પિતા એટલા સદ્ભાગ્યશાળી છે કે તેમને સાહિત્ય શું ચીજ છે તેની ખબર નથી. ''મારે એક પ્રેમિકા છે અને એના પેટમાં મારું બાક છે. પણ એનાં માતા–પિતા તૈયાર નથી. એટલે હવે અમે કોર્ટ મેરેજ કરવા જઈ રહ્યાં છીએ.'' આ પ્રકારનું વાકય મેં પિતાજીને કહ્યું હોય અને એમનો જે પ્રકારનો ચહેરો થાય એવો જ ચહેરો મારા પુસ્તક આપવાના પ્રસ્તાવથી મારા પિતાજી થયો.

''હવે એ તારાં થોથાં તું વાંચ, બીજાને એમાં શું રસ પડે ?'' પિતાજીએ તીર ફેંકયું. ''પપ્પા, તમે જાણતા નથી તમારી ૧૦૦૦ની નોટ પરણી રહેલાની વચ્ચેની ગેરસમજ દૂર ન કરી શકે, પણ મારું પુસ્તક કરી શકે.'' મેં ફિલસૂફીથી પિતાજીના તીરનું સ્વાગત કર્યું. ''આટલાં પુસ્તકો વાંચીને પણ તારામાં કોને શું ભેટ આપવી જોઈએ એ સમજદારી ન આવી ને ગામમાં લગ્ન બચાવવા ચાલ્યો છે ! બેઠું રે બેઠું... હાલી નીકળ્યો છે તે... આવું બધું તને સુઝાડે છે કોણ ? પેલો ગુજરાતી માસ્તરને ?''

પિતાજીએ સીધું બ્રહ્માસ્ત્ર છોડયું અને હું ઘવાયો. ''એ જેણે શિખવાડયું હોય એનું તમારે શું કામ છે ?'' વિલે ચહેરે મેં કહ્યું. પિતાજી મોં મચકોડી, કડક ફોજદાર ગુનેગાર સામે નજર ફેંકે એવી નજર ફેંકી ચાલ્યા ગયા.

ત્યાર પછીનાં દિવસે હું ઉઠીને મારી ઉથલપાથલ થઈ ચૂકેલી નિત્ય ક્રિયાઓ પતાવીને નાસ્તો કરવા બેઠો હતો ત્યાં જ કડક ફોજદાર ઉર્ફે મારા પિતાજીનો અવાજ સંભળાયો, ' 'લે રાખ્યા છે અહીં ૨૫૦ રૂપિયા. લઈ લેજે તારાં થોથાં. મોડું ન કરતો દર વખતેની જેમ.'' આ ચમત્કાર કેમ થયો એની ખબર નથી પણ જેમ થયો હોય તેમ મેં સ્વીકાર્યો. મારાં માતુશ્રી તો, ''આ વેદિયો આપણી આબરૂનાં ધજાગરા કરશે.'' એવાં મધુર વચન મને સંભળાવી ચૂકયાં હતાં એટલે એનું આ કાર્ય હોય એવી વિચારણા સદંતર ખોટી હતી. પણ ચમત્કારને સમજવાનો ન હોય, સ્વીકારવાનો હોય છે.

ને પછી હું સાઈકલ પર એવી રીતે નીકળ્યો જાણે મગધ નગરીનો રાજા તેના સેચનક હાથી પર નીકળ્યો હોય ! પણ એ મારી શાહી સવારી થોડી જ વારમાં નિરાશાની સવારી બની ગઈ. મુરતિયા માટેનું પુસ્તક તો તરત જ મળી ગયું પણ કન્યાનું પુસ્તક કયાંય મળે નહિં. મોટાભાગે 'અહીં જ લોચા હોય છે. હું એટલો રખડયો કે મેં પહેરેલ શર્ટ એના મૂળ સ્વરૂપને ખોઈને કોઈએ લાદી સાફ કરવા માટેનું પોતું મને પહેરાવી દીધું હોય એવો એ શર્ટ દેખાવા લાગ્યો. હવે શું કરવું એની ચિંતામાં હું ઘરે આવી ગયો.

ટીવી જોતાં જોતાં મને સૂઝયું કે હું પુસ્તકો ઓનલાઈન મંગાવી લઉં તો દ્ય ને આળસવૃત્તિ સતેજ થાય છે. હું ઘોટાઈ જાઉં એ પહેલાં એ ભીષ્મકર્મ કરવાનો મેં નિર્ણય કર્યો.(મારા માટે બધાં ભીષ્મકર્મ જ હોય છે, કોઈ વિદુરકર્મ, ધૃતરાષ્ટ્રકર્મ હોતા નથી.) મેં ઓનલાઈન શોધખોળ આદરી, મારા એક હાથીકાય મિત્રની મદદ લીધી અને પૂરા બે કલાકનાં શ્રમ બાદ, એ સમયની નિંદ્રા અને તેમાં આવતાં સપનાનાં બલિદાન બાદ મને મારું એ ભેટમાં આપવાનું પુસ્તક મળ્યું. કોઈ ભૂખ્યા વૃકોદરને અન્નકોટ મળે, કોઈ જ્ઞાનપિપાસુને પુસ્તકાલય મળે અને જેટલો આનંદ થાય એટલો મને થયો અને તરત જ પુસ્તક મંગાવી લીધું

પુસ્તક મંગાવ્યાને હજુ બે દિવસ થયા ને મેઈલ આવ્યો કે પુસ્તક ઉપલબ્ધ ન હોવાથી તમારો ઓર્ડર રદ કરવામાં આવે છે.

પૈસા બે–ત્રણ દિવસમાં પાછા મળી જશે અને સદ્ભાગ્યે મારા વૃદ્ધોનાં પુણ્યપ્રતાપે મળી પણ ગયા પણ પુસ્તકનો પ્રશ્ન તો ત્યાં જ ઉભો હતો. ફરી શોધખોળ આદરીને બીજી સાઈટ ઉપર જઈને મંગાવવાનું નક્કી કર્યું પણ ત્યાં મારી અંદર રહેલું દોઢ –ડાહ્યાપણું બહાર આવ્યું મને થયું કે સાઈટ પર જઈને મંગાવું એના કરતાં સીધો ફોન નંબર લગાડી મંગાવી લઉ તો. હું જયારે દોઢડાહ્યો બની જાઉં છું ત્યારે મારી કાર્યવૃત્તિ સતેજ બને છે એટલે મેં તેને ફોન જોડયો, પુસ્તક મંગાવ્યું અને બે દિવસમાં પુસ્તક મેળવવાની ખાતરી મેળવી.

પણ મારા પ્રિય વાચકો, તમારી માફી માંગીને કહુ છું કે આ નિબંધનો વિષય હવે અહીં શરૂ થાય છે. ઓનલાઈન પેમેન્ટની કળા બધાને સિદ્ધ હોતી નથી. મારું ટેકનોલોજી અને છોકરી બંને વિષયોમાં ણાનની બાબતે એક મોટું મીંડુ પ્રવર્તે છે.

મેં પુસ્તક મંગાવ્યું એટલે એ પ્રતિનિધિએ કહ્યું કે તમે આ નંબર પર જ પેટીએમ કરી દો. આની પહેલાં પણ આ પ્રયોગ કરી ચૂકયો હતો અને સફળ થયેલો એથી 'હા' પાડી અને 'કરિષ્યે વચનં તવ ।'ને અનુસર્યો. પૈસાની ચુકવણી બાદ જ એ પુસ્તક મોકલે એ સ્વાભાવિક છે.

મેં તે જ દિવસે બપોરે પેટીએમ દ્વારા પૈસા ચૂકવવાનો પ્રયત્નો આદર્યો તે છેક રાત્રી સુધી એ જ કર્યુ પણ નિષ્ફળતા સિવાય કંઈ મળ્યું નહીં ને એ બધાંની વચ્ચે પહેલા પ્રતિનિધિનાં ચરેક ફોન પણ આવી ગયા. કંટાળીને મેં મૂકી દીધું પણ મેં અગાઉ કહ્યું એ મુજબ, ઘણી વખત મારામાં દોઢ ડાહ્યાપણું જાગે છે અને એ ત્યારે જાગ્યું અને મેં તરત જ પેટીએમ વલેટમાં પપ્પાના ખાતામાંથી પૈસા પધરાવ્યા. પણ કોણ જાણે કેમ એ તુક્કો પણ કામ ન આવ્યો. મારા અથાગ પ્રયત્નો બાદ પણ એ ન થઈ શકયું ત્યારે મેં એના નિષ્ણાંતને ફોન કરીને પૂછયું ને એણે મારી આ નિષ્ફળતા પાછળનાં કારણનો ફોડ પાડયો.

એણે મને કહ્યું કે તમે કેવાયસી કરાવ્યું નથી હવે કંઈ નહીં થાય. પહેલાં જઈને કેવાયસી કરાવો, પછી જ એ શકય બનશે. વોલેટનાં પૈસા પણ ખાતામાં ત્યાર પછી જ પાછા આવી શકશે. કેન્સરના દર્દીને ખબર પડે તેને લોહીનું કેન્સર છે, હૃદયરોગીને ખબર ન પડે કે તેની બધી જ નસ બંધ થઈ છે, કોઈ પત્નીઘેલા પતિને ખબર પડે કે તેની પત્ની બીજાને પ્રેમ કરે છે, ત્યારે જેવો આઘાત રોગીઓ અને પતિને થાય એવો જ આઘાત મને અને મારા પિતાજીને લાગ્યો અને દર વખતની જેમ મારે મારી મૂર્ખતા માટે લાંબા જ્ઞાનવર્ધક ભાષણનું માતા–પિતા અને મોટાભાઈના કંઠે રાત્રિનાં ૧૨ વાગ્યા સુધી આકંઠ રસપાન કરવું પડયું.

બીજો દિવસ થયો અને મને એમ થયું કે મારા એક મિત્રને પૂછી જોઉ. કદાચ એ સહાય કરશે. એણે મને એ પ્રતિનિધિ અથવા એ પુસ્તક વિક્રેતાના ખાતામાં પૈસા નાખી દેવાનો વિચાર આપ્યો મેં પ્રતિનિધિને કહ્યું અને એને બે કલાક બાદ વિગ મોકલી પણ 'જયારે તમારાં નસીબ ખરાબ હોય ત્યારે તાડના વૃક્ષ નીચે બેસો તો પણ માથું ફૂટે,' એવું કંઈક ભર્તૃહરિએ કહ્યું છે એ મુજબ મારું જે બેંકમાં ખાતું હતું એ એની એપ જ કામ કરતી નથી ત્યારે તે કુરૂક્ષેત્રની વચ્ચે ઝોલા ખાતા મુજ અર્જુનની વહારે મારા પિતા કૃષ્ણ બની આવ્યા અને મનેગૂગલે પેનો વિકલ્પ બતાવ્યો. નિયતિને થયું હશે કે, ''બસ, હવે બહુ હેરાન થઈ ગયો આ માણસ ! ''એટલે આ તુક્કો સફળ રહ્યો અને ગૂગલ પે થકી એ વિક્રેતાનાં ખાતામાં રૂપિયા નાખ્યા અને મને બે દિવસમાં ભેટમાં આપવાનું પુસ્તક પણ મળી ગયું.

પણ આ બધી ઝાકમઝાળમાં પૂરા બે દિવસ લાગ્યા અને મારા મગજની બધી જ નસોમાં લોહીને બદલે રાજકોટની લીલી ચટણી વહેતી હોય એવું મને લાગ્યું ને પાછા પેલા ૨૪૦ રૂપિયા હજુ પેટીએમ વોલેટમાં જ છે. તમારી આસપાસ કોઈ કેવાયસી કરતું હોય તો કહેજો, જેથી મારા પિતાજીના અને મારા હૃદયને શાંતિ મળે.

૨૦૧, 'માધવદર્શન' એપાર્ટમેન્ટ્સ, ગોપાલનગર–૧, ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨
મો. ૯૫૧૨૮ ૪૦૬૯૪



''કોઈ વાંધો નહિ, બાબા ઉપર તો એમને ખૂબ વહાલ છે.''

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એક્સપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી


**બાળ મિત્રો,**

બે દિવસ પછી શાળાઓ ખુલશે તમને આનંદ થાય એનાં કરતા તમારા માતા–પિતાને, પડોશીઓને વધુ આનંદ થશે. શું કામ ? ખબર તો હોય અને ઉનાળા વેકેશનનાં દોઢ મહિનામાં તમે બધાને ગળે લાવી દીધા હશે. વેકેશન પડયું ત્યારે કેવાં વાંધા ખુશ હતા. દીકરા–દીકરીને ખવડાવતા, પિવડાવતા, વાતો કરતાં, ટી.વી. જોતા, બહાર ફરવા લઈ જતા તે રાત્રે માથે હાથ ફેરવી વાતો કરી સુવડાવી પણ દેતા.

આવું બધું એકાદ અઠવાઠિયું ચાલ્યું પછી છોકરાને અળ માં કરવા લાગ્યો. છોકરા અળગા રહી ઘરમાં ધમાલ કરવા લાગ્યો. એટલે કહયું કે કે શેરીમાં જઈને રમો છોકરા શેરીમાં ક્રિકેટ રમવા લાખ્યો. દિવસમાં રોજ એક કાચ ફોડે. દડો તો કોકિને સરસ વાગે. દેકારો થઈ જાય વળી પાછું બાળકો છે એમ માની ટાંઢુ પડી જવું પણ પેલા કાચવાળા ભાઈ બહેન અંદરથી ધુંધવાઈ મરતાં પણ હવે કહેવું કોને ?

પણ હવે રજાઓ પુરી થઈ વળી પાછું વહાલ ફરવા લાગ્યું. બેટા પુસ્તકો જોઈલે નોટો તૈયાર કીર લે, દફતર જોઈ તૈયાર કર, યુનિફોર્મને ઈસ્ત્રી કરી લે. વહેલા ઉઠવાટું ભુલી ન જવાય, વિગેરે વિગેરે સુચનાનો નાયગ્રાનો ધોધ વહે.


બાળમિત્રો, રજાની જેજે મજા પાણી છે તેનો નિબંધ લખી મોકલાવ્યો હો !



# લીલીછમ વેલી, અમરેલી

**– હર્ષદ ચંદારાણા**

હું તો
વાડનું જડ, છાલ છોલેલું,
લાકડું જ–
મને વીંટળાયેલી ઋજુ
લીલીછમ વેલી–
અમરેલી
વેલી એવી તો ચસોચસ
વીંટાઈ છે મને કે
હું યે દેખાઉ છું
લીલોછમ–
કવિતા – ભરપુર
ગામને ચોમેરથી ભરડો લેતી
એના કોટની દીવાલો
કાળને ચરણે વધેરાઈ ચુકી છે,
કયારનીય.
હવે તો રહી ગઈ છે શેષ
માત્ર પશ્વિમ દિશામાં
(દિવાલો પણ પશ્વિમમાં આથમે છે,
અમરેલીમાં ?)
આ પશ્વિમની દીવાલો પણ થઈ ગઈ
છે. અપ્રસ્તુત.
રૈયતની રક્ષા કરતીં
દીવાલો
હવે પોતાની પણ
રક્ષા કરી શકતી નથી.
લપેડાઈ ગઈ છે.
રંગ – બેરંગી જાહેરાતોથી
દીવાલોની તિરાડો
પહોળી થતી જાય છે –
તેમાથી દદડે છે –
ભૂતકાળ,
ભુતકાળ હવે માત્ર રેતી જ
જેને શબ્દોની સિમેન્ટ અને
શાહીનાં પાણી સાથે કાલવીને
ચણતરમાં વાપરે છે.
વસંત પરીખ નામનો
શબ્દ – કડિયો
ગઢવી બારી
હવે કદી ખુલ – બંધ થતી નથી.
સ્તબ્ધ ને માત્ર ખુલ્લી
આ ખુલ્લી ફ્રેમમાં ઉભી છે.
અદશ્ય તરસ – કુંવરી.
તરસકુંવરી
હવામાંથી ભેજ – બિંદુનાં પુષ્પો ચુંટી
ગુંથી છે એક માળા
તરસકુંવરી
પ્રતીક્ષા કરે છે –
હાથમાં આ વરમાળા રાખી
ઠેબી નદીમાં
પુર આવવાની
થોડુંક પાણી આવે
તો તરતી તરતી આવી શકે–
એક નાવ.
જે લાવે એક કુંવર
સપનાનો રાજકુંવર
હું શોધું
આ તરસ કુંવરીને
ગઢવી કઈ બારીએ ?
ને મનસુખ મકવાણા ?
આ અદશ્ય તરસ કુંવરીને
દોરી શકશો
તમારી રંગભરી પીંછીથી?
વતનની સ્મૃતિ
સામે ના દશ્યો ભૂલાવે
ગોવામાં પણ બોલાવે–
ફીણ, મોજાં, સુર્ય, રેતી,નાળિયેરી
આંખ સામે તોય મારાં ગામ–શેરી
અરવિંદ કહેલું :
એક પીંછું મોરનું શોધતા શોધતાં
છેક પહોંચી જવાયું છે ગોકુળમાં
– મારે તો પીંછાની કે
પીંછા જેટલાં પદારથનીય
જરૂર નથી.
લોહીમાં અવિભાજય ભળેલી–
અમરેલી
વહે છે નસેનસમાં.
કેવી છે. અમરેલી ?
કોઈ કહે છે માટી
કોઈ કહે છે ખીલી
રમેશને લાગે છે.
મધમધ જુઈ – ચમેલી.



## અમારી એ જ અમરેલી

શૂરા ને ભકતદાતાઓ, જન્મ દઈને જનેતાએ,
ઘણી ઈજજત વધારી છે. અમારી એ જ અમરેલી.
અવરનુંય શ્રેય કરવાને, સહી લેતા કલંક માથે,
બુડી મરતા રચાવે છે. અમારી એ જ અમરેલી.
નથી જમતા કદી પોતે, અવર જે હોય ભૂખ્યા તો,
પૂરીને થાળ પીરસે છે. અમારી એ જ અમરેલી.
ન જોયું નાચનારીનું, ખુમાણે મોં કચેરીમાં,
ઓઢીને શિર ઢાંકે છે, અમારી એ જ અમરેલી.
વજો ભૂપાલ લાખાને, મળ્યો 'તો કુંડલે જઈને,
ભગતની ભાળ રાખે છે. અમારી એ જ અમરેલી.
ભણીને ભકત ભોજાએ, જગતનો સાર સમજાવ્યો,
સબોસબ ચાબખા ચોડયા, અમારી એ જ અમરેલી.
પડી છે. માતની હાંકલ, સુણાવ્યું ન્યાય કોરટમાં,
ઉભો જઈ પિંજરે પોતે, અમારી એ જ અમરેલી.
કૃષિકારો ઘણા ઉદ્યમી, અને છે મહેનતું પુરા,
કમાણી કરી જાણે છે, અમારી એ જ અમરેલી.
તુફાની ટોપીવાળાનાં, ભૂખ્યાં બેકાર ટોળાઓ,
સત્તાને સંભળાવે છે, અમારી એ જ અમરેલી.
નીડર જે ન્યાય નીતિથી, સમાચાર સત્ય દેનારા,
ખબરપત્રી ખરેખર છે, અમારી એ જ અમરેલી.
કરે છે. – જલપાન ઠેબીનું, ધીંગાણે ઢીંગલા ધૂણે,
ઉદક છે આકરૂં પિંગલ, અમારી એ જ અમરેલી.

– પિંગળશી મે. ગઢવી.

# ભાતીગળ સૌરાષ્ટ્ર

# આ જાણો છો ?



(૧) એવી કઈ વસ્તુ છે જે વધે તો પછી ઘટતી જ નથી.
– ઉંમર,
(૩) મોર એક એવો પક્ષી છે જે તે ઈન્ડા નથી આપતો પણ તો તેના બચ્ચા કેમ આવતા હશે ?
– કેમ કે ઈન્ડા મોરની આપતી હોય.
(૪) એવી કઈ વસ્તુ છે જેની આંખ માં આંગળી નાખો તો એનું મોઢ ખોલે અને તે કઈ ડે ?
– કાતર
(૬) એવી કઈ વસ્તુ છે જે જમીન ઉપર ફેકો ટુટતી નથી પણ પાણીમાં ફેકો નો ટુટી જાય છે?
– પરછાઈ.
(૭) એવી કઈ વસ્તુ છે જેનું મોઢુ છે અને બે હાથ પણ છે. પણ એના પગ નથી ?
– ઘડયાલ
(૮) એવું કોણ છે. જે કોઈ દિવસ બાધતુ નથી બોલતું નથી તો પણ માર ખાય છે.
– ઢોલ
(૧૦) એક એવો શબ્દ કહો જેમાં ફુલ, ફળ અને મિઠાઈ બને શકે.
– ગુલાબ જામુન.

**નામ : પરમાર કોમલ**
**ધોરણ – ૮, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.**

# દુકાળ, પ્લેગ અને રેન્ડની હત્યા

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક





**પુણેમાં ભયાનક પ્લેગ**

આ જ દિવસો (૧૮૯૭) માં મુંબઈ રાજયમાં ભયાનક પ્લેગ ફેલાયો. પુણે નગરનો કોઈ એવો મહોલ્લો ન હતો. જયાં પ્લેગે તંબુ તાણ્યો ના હોય. ચારે બાજુ ચિતા અને શબ દેખાતા હતા. લોકો પોતાનાં ઘર છોડીને ભાગી રહ્યાં હતા. તિલક અતિ કર્મ ઠ કાર્યકર્તા અને સમાજસેવક હતા. પોતાની તમામ શકિત લગાડીને તેઓ લોકોની સેવામાં જોડાયા હતા.

એમના માટે ખાવા–પીવાનો સામાન એકઠો કરતા. ઘેર ઘેર જઈને ઉઘરાવતા અને દવાઓ ભેગી ક તા. પોતાના જ સાધનોથી એમણે એક હોસ્પિટલ ખોલી અને મફત જમવા માટે લંગર ચલાવ્યું. પ્લેગથી જયારે હજારો લોકો મરવા લાગ્યા ત્યારે અંગ્રેજ સરકારે પ્લેગને અટકાવવા એક કાનૂન બનાવ્યો. આ કાનૂન હેઠળ સરકાર કોઈપણ વ્યકિતનાં ઘરમાં કશી નોટિસ આપ્યા વગર તલાશી લઈ શકતી હતી. કોઈપણ વ્યકિતને હોસ્પિટલ મોકલી શકાતી હતી અને કોઈને ય અલગ સ્થાનમાં રાખી શકાતા હતા. રેલવે, સ્ટીમર વગેરેમાંથી પણ મુસાફરોને ઉતારી શકાતા હતા. પ્લેગ અટકાવવાના નામે લોકો પર ખૂબ અત્યાચાર કરાયા. લોકો સરકારી અધિકારીઓના અત્યાચારોથી તંગ આવી ગયા. તિલકે જનતાની ફરિયાદો 'કેસરી'માં ઉઠાવી અને સરકારી અત્યાચારોનો વિરોધ કર્યો.

**રેન્ડ અને આયર્સ્ટની હત્યા**

પ્લેગ અટકાવવાનાં નામે સરકારી કર્મચારી મનમાં આવે તેવી હરકતો કરતા હતા. એના માટે રેન્ડ નામનો અધિકારી દોષિત હતો. આ સમય રેન્ડના દબદબાનો હતો. જનતામાં નિરાશા અને ભય વ્યાપેલા હતા. શિવાજી ઉત્સવ બાદ યુવકોમાં જોશ છવાઈ ગયો હતો.

અચાનક ૨૨ જૂનની રાતે રેન્ડ અને આયર્સ્ટ નામના બે યુરોપિયનોને દામોદર અને બાલકૃષ્ણ ચાફેકર નામના બે ભાઈઓએ ગોળી મારી દીધી. અંગ્રેજોનું કઠોર શાસન આ યુવકોથી બર્દાશ્ત ના થયું. તેઓ ગોળી તો રેન્ડ પર નિશાન તાકવામાં આવ્યું. રેન્ડ તો ત્યાં જ ઢગલો થઈ ગયો, જયારે આયર્સ્ટને હોસ્પિટલ લઈ જતાં રસ્તામાં જ તેના પ્રાણ ઉડી ગયા. અંગ્રેજોના સમર્થક અખબારોએ આ હત્યાઓ માટે તિલકને દોષી ઠરાવ્યા. મુંબઈના એંગ્લો–ઈન્ડિયન અખબાર તિલકને જ અપરાધી ઠરાવવા મંડી પડયા હતા. તિલક આ આરોપોને ખોટા માનતા હતા. આથી 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' વિરૂદ્ધ દાવો દાખલ કરવા મુંબઈ ગયાં.

# વિચાર શકિત

(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

## વિચારશકિત તેના નિયમો ને પ્રેરક બળો

**૮. પ્રેરણાદાયક વિચારશકિત**

તમે પ્રેરલ સુચનો અને મન ઉપરની તેની અસરનો સ્પષ્ટ ખ્યાલ પ્રથમથી જ તમારા મનમાં હોવો જોઈએ. સુચનોનો પ્રયોગ કરતી વખતે તમારે ખાસ સાવચેતી રાખવી જોઈએ. કદાપિ ખોટાં સુચનો પ્રરો નહિ, કેમ કે તે બીજાને ઘાતક નીવડે. આથી બીજાનું કલ્યાણ કરવાને બદલે અહિત થવાનો સંભવ છે. માટે બોલતાં પહેલા પણ પુરેપુરો વિચાર કરો.

શિક્ષકો અને પ્રોફેસરોને સુચન અને પ્રતિસુચનની ક્રિયાપ્રણાલીનું સંપુર્ણ જ્ઞાન હોવું જોઈએ. આજ્ઞાન હોય તો તેઓ શિષ્યોને સચોટ રીતે સુંદર તાલીમ આપી શકે અને તેમનાં માનસ ઉન્નત કરી શકે.

દક્ષિણ હિંદમાં જયોર ઘરમાં બાળક રડે ત્યારે તેને મા–બાપ કહે છે,"બાબુ ! રડ મા. જો બે આંખવાળુ ભૂત આવ્યું છે.. ચૂપ રહે, નહિતર હું તને આ બાઘડાને સોંપી દઈશ." કહીને બાળકોને બિવડાવે છે. પણ આ પ્રકારનાં સૂચનો ઘણાં વિઘાતક છે. આથી બાળક બીકણ બને છે.

બાળકોનાં મન સ્થિતિ સ્થાપકને કોમળ હોવાથી વાળીએ તેમ વળે તેવા હોય છે. આ વખતે તેના પર પડેલા સંસ્કાર એકદમ ભૂંસાઈ જતા નથી. આથી જયારે તેઓ મોટાં થાય ત્યારે તે સંસ્કાર બદલતા કે ઘસાતા નથી. તેથી જયોર મોટું થાય ત્યારે પણ તે બીકણ જ રહે છે.

મા–બાપે પોતાનાં બાળકોનાં મનમાં હિંમત ને સાહસના ગુણ રેડવા જોઈએ. તેઓએ કહેવું જોઈએ, 'જો, આ ચિત્રમાં સિંહ છે. સિંહની માફક ગર્જના કર. હિંમતવાળો બન. શિવાજી, અર્જુન કે કલાઈવનું ચિત્ર જો. બહાદુર બન."

પશ્ચિમમાં શિક્ષકો બાળકોને યુદ્ધભૂમિનાં ચિત્રો બતાવે છે અને કહે છે, 'જેમ્સ ! જો આ ચિત્ર નેપોલિયનનું છે. તેની બહાદુરતા કેવી હતી ! તને લશ્કરનો સેનાપતિ કે બ્રિગેડિયર જનરલ થવું ગમે ? આવી રીતે બાળકોનાં મનમાં બચપણથી જ હિંમત રેડે છે. તેથી જયારે તેઓ મોટાં થાય છે. ત્યારે આ સંસ્કાર દ્રઢ થાય છે.

**૯. વિચાર વિનિયમનો પ્રયોગ**

શરૂઆતમાં વિચાર વિનિમયનો પ્રયોગ થોડા અંતર માટે કરવો. તેમાં પ્રથમ તો રાત્રે શરૂઆત કરવી.

તમારા મિત્રને ૧૦ વાગ્યે વિચાર ગ્રહણ કરી શકે તે માટે અનુકુળ ને શાંત સ્થિર મન રાખવાનો કહો. સોથ સાથે અંધારા ઓરડામાં આંખો મીંચી વજ્રાસને કે પદ્માસને બેસવાને કહો.

પછી બરાબર નકકી કરેલ સમયે સંદેશો મોકલવાનો પ્રયાસ કરો. જે વિચારો તમારે મોકલવા હોય તેના પર તમારા મનને એકાગ્ર કરો. તમારી ઈચ્છા શકિતને પણ તીવ્ર બનાવો. વિચારો તમારા મનમાંથી બહાર નીકળી તમારા મિત્રનાં મગજમાં પ્રવેશ કરશે.

કદાચ શરૂઆતમાં કંઈક ભૂલ પણ થાય. પણ જેમ જેમ પ્રેકિટસ વધશે તેમ તેમ આ ક્રિયામાં ફાવટ આવતી જશે અને સંદેશો મોકલવામાં તેમજ ઝીલવામાં વધારેને વધારે ચોકસાઈ આવતી જશે.

આગળ જતાં તમે દુનિયાને ગમે તે સ્થળે સંદેશો મોકલવા શકિતમાન થઈ શકશો. વિચારનાં આંદોલનનો એકાગ્રતા અને શકિત પ્રમાણે વિવિધ પ્રકારનાં હોય છે. મોકલનાંરે તેમજ ઝીલનારે ખુબ જ એકાગ્રતા કેળવવી જોઈએ. તો જ વિચાર મોકલવામાં વેગ તેમજ ઝીલનારે ખુબ જ એકાગ્રતા કેળવી જોઈએ. તો જ વિચાર મોકલવામં વેગ આવી શકશે અને ઝીલવામાં પણ સ્પષ્ટતા અને ચોકસાઈ આવશે. પ્રથમ એક જ ઘરમાં એક ઓરડામાંથી બીજા ઓરડામાં વિચાર વિનિમયનો પ્રયોયગ શરૂ કરો.

આ વિજ્ઞાન ઘણું આનંદ ને રસદાયક છે. તેમાં ધીરજપુર્વક ખંતની જરૂર છે. બ્રહ્મચર્ય પણ ખાસ જરૂરનું છે.

**(૧૦) આંતર માનસશાસ્ત્ર અને આંતરવિચારો**

જેવી રીતે પવિત્ર ગંગા નદી હિમાલયમાં ગંગોત્રીથી નીકળી વગર અટકયે સતત ગંગાસાગર તરફ દોડી રહી છે. તેવી જ રીતે મનની ભીતર ઉંડાણમાં સુષુપ્ત સ્થિતિમાં વિચાર પ્રવાહો સતત ઉત્પન્ન થઈ બાહ્ય વસ્તુઓ તરફ દોડયા કરે છે. રેલ્વે એન્જિન જેવી નિર્જીવ વસ્તુને પણ તેનાં પૈડાં ગરમ થઈ જાય ત્યારે તેને આરામ માટે છાપરા નીચે લઈ જઈ આરામ આપવામાં આવે છે. પણ મનરૂપી અદ્‌ભૂત યંત્ર એક ક્ષણનો આરામ લીધા વિના વિચાર કર્યે જ રાખે છે.

વિચાર વિનિમય, વિચારવાંચન, હિપ્નોટિઝમ, મેસ્મેરીઝમ અને સૂચન દ્વારા રોગ નિવારણ સ્પષ્ટ, રીતે મનનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. અને બતાવે છે કે, પર કે આંતરમન બાહ્ય મનને કાબુમાં રાખી શકે છે તેમ જ તેનાં પર અસર કરી શકે છે. હિપ્નો ટિઝમથી સુષુપ્ત દશામાં આવી પડેલા માણસ દ્વારા કરવામાં આવતા લખાણ વગેરે પરથી આપણે સ્પષ્ટ રીતે જાણી શકીએ છીએ કે આંતરમન જરા પણ આરામ લીધા વિના ચોવીસે કલાક કામ કર્યા કરે છે. આધ્યાત્મિક સાધનાં દ્વારા આંતરમનને નેના વિચારોને બદલાવી નાખી નવા જ મનુષ્યો બનો.

**(૧૧) તીવ્ર આધ્યાત્મિક વિચારોમાં રહેલી શકિત**

વિચાર એ જ જીવન છે. જેવા વિચાર તેવું વર્તન, તમારા વિચાર તમારી પરિસ્થિતિને ઘડે છે. તમારા વિચાર પર જ તમારો સંસાદ ઘડાય છે.

જો તમે તંદુરસ્તીનાં વિચાર સેવો તો જરૂર તમે તંદુરસ્ત બનશો. ઉલટું, તમાર મનમાં રોગનાં જ વિચારો આવતા હોય, તો તમારા કોષપેશીઓ, જ્ઞાનતંતુઓ, હૃદય, મગજ, ફેફસાં, વગેરે નબળા ને રોગિષ્ઠ છે. એવો ભય પેસી ગયો તો તમે કદી આરોગ્ય, સૌદર્ય ને સુખ પ્રાપ્ત કરી શકશો નહિ.


હંમેશા યાદ રાખો કે શરીરએ મનનું કાર્ય છે. એટલું જ નહિ પણ મનની શકિતથી કાર્ય કરે છે.

જો તમારા વિચારો તેજસ્વી ને શકિતશાળી હશે તો તમારૂં શરીર પણ મજબુત ને જોમવાળું બનશે. પ્રેમ, શાંતિ, સંતોષ, પવિત્રતા, સંપુર્ણતા, દિવ્યતા, વગેરેનાં વિચાર તમને તેમજ તમારી આજુબાજુનાં બધાને સંપુર્ણને દિવ્ય બનાવશે. માટે હંમેશા દિવ્ય વિચારો કેળવો ને સેવો. (ક્રમશઃ)

## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

(૧) આનંદ પોતામાં જ છે. છતા મનુષ્ય આનંદ બહાર શોધે છે. મનુષ્ય સ્ત્રીનાં શરીરમાં, ધનમાં આનંદ શોધે છે.
(૨) મનુષ્યમાં જ્ઞાન આવે છે. પરંતુ તે જ્ઞાન ટકતું નથી.
(૩) પરમાત્મા શ્રીકૃષ્ણના સાક્ષાત દર્શન પ્રાપ્ત કરવા માટે મનુષ્યનો અવતાર છે.
(૪) મંદિરમાં પરમાત્માનાં દર્શન કરી બહાર આવ્યા પછી દરેકમાં પરમાત્માનાં દર્શન કરો.
(૫) જીવ નારાયણનો અંશ છે તેમાં તેને મળી જવું છે.
(૬) મનુષ્યનું જીવન અતિ વિલાસી થયું તેથી જ્ઞાનમાર્ગથી જીવ ઈશ્વર પાસે જઈ શકે તે સંભવિત નથી.
(૭) બંગલામાં ભોગવિલાસમાં રહેનારને ઉપનિષદનો અધિકાર નથી.
(૮) જે કામસુખ ભોગવે છે. તે યોગાભ્યાસ કીર શકવાનો નથી. ભોગી યોગી થવા જશે તો તે રોગી થશે.
(૯) તમારો પ્રત્યેક વ્યવહાર ભકિતમય બનવો જોઈએ.
(૧૦) ઘરમાં રહેવુ તે પાપ નથી પણ ઘરને મનમાં રાખવું તે પાપ છે.

## જ્ઞાનમંજરી

**આપણું ગુજરાત**



(૧) ગુજરાતની સ્થાપના કયારે થઈ હતી ?
– ૧ મે, ૧૯૬૦
(૨) ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ કયારે શરૂ થયો ?
– ૧ એપ્રિલ–૧૯૬૩
(૩) ગુજરાતના પ્રથમ રાજયપાલ કોણ હતાં ?
– શ્રી મહંદી નવાઝજંગ
(૪) ગુજરાતનું પ્રથમ પાટનગર કર્યુ ?
– અમદાવાદ
(૫) ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા ?
– ડો.જીવરાજ મહેતા (અમરેલી)
(૬) ગુજરાત મહાનગરપાલિકાઓ કેટલી છે ? (અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, ગાંધીનગર)
(૭) ગુજરાતમાં કુલ નગરપાલિકાઓ કેટલી છે ? – ૮૫
(૮) ગુજરાતમાં કુલ જિલ્લા પંચાયતો કેટલી છે ? – ૨૬
(૯) ગુજરાતમાં કુલ તાલુકા પંચાયતો કેટલી છે ? – ૨૨૫
(૧૦) ગુજરાતમાં કુલ ગ્રામ પંચાયતો કેટલી છે ? – ૧૩૧૮૬

## માં તુજે સલામ !

ઈંગ્લેન્ડનાં મધ્યમ પરિવારમાં જન્મેલો એ છોકરો ભણવામાં અત્યંત નબળો હતો. ૧૩ વર્ષ સુધી વારંવાર નાપાસ થતો રહયો હતો. કારણ કે એ ડિસ્લેકિસયા ('તારે ઝમી પર' મા ઈશાનને જે રોગ હતો તે ) નો પેશન્ટ હતો. પરંતુ તેની માં પોતાનાં દીકરાનાં અભ્યાસ કરતા પણ તેનાં સર્વાંગી વિકાસમાં ખુબ ધ્યાન આપતી પોતાનો આ છોકરો નિર્ણયો જાતે લે, એ માટે તૈયાર કરતી.

આ છોકરાની શાળાથી ૩ કિલોમીટર દુર ફૉસિંગ પર અને એકલો મુકી દેતી અને એને જાતે શાળા શોધવાનું કહેતી ડિસ્લેકિસયાનાં દર્દીને એકલો મુકવાથી કેવા ગંભીર પરિણામ આવે તે એ જાણતી જ હશે, પણ એને તો પોતાનાં દીકરાને દુનિયાની સામે ઉભો રાખવો હતો. પેલો મહામહેનતે એની સ્કૂલ સુધી પહોંચી શકતો. કયારેક રસ્તે પણ ભટકી જતો. આમ છતાં એ એને એકલો જ મુકતી. ૧૩ વર્ષની ઉંમર પછી એને એક બોર્ડિંગ સ્કુલમાં બેસાડવામાં આવ્યો, પણ એના 'પર્ફોર્મન્સ' ના કારણે એને ૧૬ માં વર્ષ સ્કુલમાંથી કાઢી મુકવામાં આવ્યો. એની માં હિંમત આપવા માટે સાથે હતી. આ છોકરાને બિઝનેશ શરૂ કરવો હતો. તો પોતાની બધી જ અંગત બચત મા એ ૧૬ વર્ષનાં દીકરાનાં હાથમાં મુકી દીધી. છોકરાએ 'સ્ટુડન્ટ' નામનું મેગેઝિન શરૂ કર્યુ, પરંતુ વાંચનાર કોઈ નહોતું એટલે ગાંઠનું ગોપીચંદન કરીને એની ૫૦,૦૦૦ કોપી મફતમાં વહેંચી. દીકરાની દરેક નિષ્ફળતા વખતે માં તેની સાથે રહી ડિસ્લેકિસક દીકરાને સધિયારો આપતી રહી. આ દીકરાએ પોતાની માના સપના સાકાર કર્યા અને અને ડિસ્લેકિસક બાળક શું કરી શકે તેનો દુનિયાને પરિચર કરાવ્યો.

આ છોકરો એટલે વર્જીત ગૃપની ૪૦૦ કંપનીઓનો માલિક અને ૪૦૦ કરોડ ડોલરથી પણ વધુ સંપતિ ધરાવતો ઈંગ્લેન્ડનો ચોથા નંબરનો ધનકુબેર રીચાર્ડ બ્રાન્સન " એક માતા ૧૦૦ સારા શિક્ષણની ગરજ સારે છે." આ કહેવત કંઈ એમ જ નહી પડી હોય, ઈવ બ્રાન્સન જેવી કેટલીક માતાઓએ આ કહેવતને ચરિતાર્થ કરી છે.

– શિરોયા આયુષી ઘનશ્યામભાઈ
(ધોરણ–૮, રૂપાયતન પ્રાથમિક શાળા)

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### વૃક્ષ જેવા તટસ્થ કયારે બનશું ?

આપણા સ્વજન પ્રત્યે આદર કે અનાદર જન્મે તેના માટે તે વ્યકિત નહી, પણ આપણી અપેક્ષાઓ કારણભુત હોય છે.

અપેક્ષા ફળે, તો આદર અને તેમ ન થાય તો અનાદર અને તેમ ન થાય તો અનાદર !

સુર્ય રોજ તેના સ્થાને રહી પ્રકાશ– ઉર્જા – ઉષ્મા એ જ ક્રમમાં અર્પતો રહે છે, પણ શિયાળામાં વ્હાલો લાગતો સુર્ય ઉનાળામાં આકરો લાગે ! પુનમની ચાંદની પ્રેમીઓને પ્રિય અને વિરહીજનોને અપ્રિય લાગે ! અપેક્ષાઓને ઓળખવાની મનોજાગૃતિ પ્રત્યેક જનમાં જન્મે, તો સમાજમાં શાંત સંવાદિતા સ્થપાતા વાર ન લાગે, પણ... વો દિન કહાં કે...?

## રાણી લક્ષ્મીબાઈ

– શશિ શર્મા



**ભાગ– ૨૧**

ઝાંસીનાં કિલ્લા પર ભગવો ઝંડો લહેરાવા લાગ્યો. ફોજની દેખરેખ રાણી પોતે જ કરતાં હતાં. બીજે દિવસે ફોજની તૈયારીઓ શરૂ થઈ. જૂના સૈનિકોની તાલીમ શરૂ થઈ અને નવા સૈનિક ભરતી કરવામાં આવ્યા. બધા સૈનિકોમાં અંગ્રેજોને દેશમાંથી ભગાડી મૂકવાનો એક જોશ હતો. રાજયના કેટલાક ડાકુ જે ઉધામા મચાવતા હતા તે સૌ રાણીની વીરતા સામે ઝૂકી ગયા. તે સૌએ દેશ માટે સૌએ લડવાની પ્રતિજ્ઞા લીધી. રાણીએ તે સૌને પણ ફોજમાં ભરતી કરી દીધા. આગળ જતાં આ ડાકુઓએ રાણીને ખૂબ સાથ આપ્યો.

એ દિવસોમાં દેશનાં દુશ્મન, કેટલાક સરદાર, અંગ્રેજોને સાથ આપી રહ્યાં હતા. એમાંથી એક હતા– ટીકમગઢ રિયાસતનાં દીવાન નત્થે ખાન. ઘણા સમય પહેલાં ઝાંસી ઓરછા રાજયનું અંગ હતી, જે હવે ટીકમગઢ તરીકે ઓળખાતું હતું. નત્થે ખાં ઝાંસીને ફરીથી ટીકમગઢમાં ભેળવવા માગતા હતા. અંગ્રેજોનો ટેકો તો એમને મળ્યો જ હતો, આથી એમણે વીસ હજાર સૈનિકોને લઈને ઝાંસી પર આક્રમણ કર્યુ.

નત્થે ખાંની સેના કિલ્લાની દક્ષિણ દિશા તરફથી આવવા લાગી. જેવી સેના તોપના ગોળાના મારની અંદર પહોંચી, ત્યારે જ રાણીએ પોતાના ચતુર તોપચી ગૌસ ખાંને તોપ ચલાવવાની આજ્ઞા આપી. નત્થે ખાંની ફોજ તોપના ગોળાનો માર સહન ના કરી શકી અને પીછેહઠ કરવા લાગી. એક સ્ત્રીનાં હાથે પરાજય ખાવો નત્થે ખાનને ગમ્યો નહીં. એ રાતે એણે કિલ્લાનાં ઓરછા દરવાજા પર ચાર તોપનાં નિશાન તાકયાં અને પોતાની સેનાના ચાર ભાગ કરીને સેના પર હુમલો કરી દીધો. મહારાણી લક્ષ્મીબાઈએ સિપાઈઓમાં જુસ્સો જગાવ્યો અને બહાદુરીથી યુદ્ધ કરવા પ્રોત્સાહિત કર્યા.

સિપાઈઓએ ઘણી બહાદુરી દાખવી. રાણીનાં વિશ્વાસુ સરદાર લાલા ભાઉ બખ્શીએ ઝાંસીની વિખ્યાત તોપ 'કડક વીજળી'ને કિલ્લાની બુર્જી પર ચડાવડાવી. આ તોપનાં ગોળા છૂટતાં જ શત્રુ વેરવિખેર થઈ ગયા. ત્યારબાદ ઘણા દિવસો સુધી લડાઈ ચાલુ રહી. નત્થે ખાં હારી ગયો અને યુદ્ધનાં મેદાનમાંથી ભાગી ગયો. આ રીતે રાણી અને એમના વીર સૈનિકોએ ભારે કુશળતાથી યુદ્ધ કર્યુ અને નત્થે ખાં ને ઝાંસીથી ભગાડી મૂકયો.

## મિત્રતાની મહેક

નંદપુર નામનું એક ગામ હતું. આ ગામમાં સરસ્વતી વિદ્યાલય આવેલ હતી. સરસ્વતી વિદ્યાલયના બાળકો રિસેસનો ભરપૂર આનંદ ઉઠાવતા હતાં. એક કલાકની રિસેસમાં તે પાંચ–દસ મિનિટમાં નાસ્તો કરી લેતા અને બાકીનો સમય ક્રિકેટ રમતા.

આ શાળામાં અઠવાડિયા અગાઉ છઠ્ઠા ધોરણમાં વસંત નામનો બાળક દાખલ થયો. બાળકો રિસેસમાં ક્રિકેટ રમે અને તે નાસ્તો કરી મેદાનમાં મુકેલી બેંચ પર ગુમસૂમ બેસી રહેતો. ચોકકા, છક્કા કે આઉટ છે... નો શોરબકોર તે સાંભળતો. ક્ષણિક ઉત્સાહિત થઈ જતો, પાછો નિરાશ થઈને બેંચ પર જડાઈ જતો. તે ક્રિકેટ રમી શકતો નહીં કારણ કે તે અંધ હતો.

વસંત સોથ છઠ્ઠા ધોરણમાં રાજ પણ ભણતો હતો. તે વસંતનો ભાઈબંધ થઈ ગયો હતો. તે વસંતની ઘણી મદદ કરતો. એક દિવસ તેણે બધા મિત્રોને ભેગા કર્યા અને કહયું કે, 'રિસેસમાં આપણે બધા ક્રિકેટ રમીએ છીએ ત્યારે વસંત બિચારો બેંચે એકલો સુનમુન બેઠો હોય છે. તે અંધ હોવાથી આપણી સાથે રમી શકતો નથી. આપણે ગમે તે રીતે તેની ઉદાસી દૂર કરવી જોઈએ. તે એકલો બેઠો રહે તે આપણા માટે શરમની વાત કહેવાય. બધાય કંઈક ઉપાય વિચારો કે જેથી કરીને તેની ઉદાસી દૂર થાય." બધા પોત પોતાની રીતે વિચારવા લાગ્યા પણ એકેય ઉપાય એવો ન હતો કે જેથી વસંતની ઉદાસી દુર થઈ શકે."કેમ ઉદાસ છે બેટા ?" રાજનાં પપ્પા બાલુભાઈ બોલ્યા. 'પપ્પા અમારી શાળામાં વસંત નામનો એક છોકરો મારા કલાસમાં દાખલ થયો છે. તે જોઈ શકતો નથી અંધ છે,



સૂરદાસ છે. અમે રિસેસમાં ક્રિકેટ રમીએ ત્યારે તે બેંચ ઉપર નિરાશ થઈને બેઠો રહે છે. તેની ઉદાસી કેમ દૂર કરવી ?" રાજ બોલ્યો.બાલુભાઈ થોડો સમય વિચારતા રહયા. ત્યાં તેને ઝબકારો થયો. તેને રાજને કહયું. 'તમે ક્રિકેટ રમો તો તે ન રમી શકે પણ તમારે એવી રમત રમવી જોઈએ કે તે સામેલ થઈ શકે."

પણ તે અંધ છે તે એકેય રમત રમી જ ન શકે." રાજ બોલ્યો.

'તે જ તમારી ભૂલ છે. તમારે રિસેસમાં આંધળો–પાટોની રમત રમવાની. તે વસંત રમી જ શકે. દાવ દેનારે આંખ ઉપર રૂમાલ બાંધવાનો અને પછી સર્કલમાં રહેલ ખેલાડીઓમાંથી એકને પકડવાનો, " બાલુભાઈ બોલ્યા.

"મને તો આવો વિચાર જ ન આવ્યો." રાજ બોલ્યો. "આ ઉપરાંત રિસેસમાં અંતાક્ષરી પણ તમે રમી શકો છો. તેમાં પણ વસંત ભાગ લઈ શકે." બાલુભાઈ બોલ્યા.બાલુભાઈની વાતથી રાજનાં મન ઉપરનો બોજ હળવો થઈ ગયો, બીજા દિવસે રિસેસમાં તેણે કલાસનાં બધા વિદ્યાર્થીઓને સંબોધીને કહયું કે, 'આપણે રિસેસમાં એક દિવસ આંધળો–પાટો રમીશું એન એક દિવસ અંતાક્ષરી રમીશું, આથી વસંત પણ આપણી સોથ બંને રમત રમી શકશે." રાજની વાતને બધાએ સહર્ષ સ્વીકારી લીધી.

વસંત પણ આ રમતમાં ઉત્સાહભેર ભાગ લેવા માંડયો. તેની ઉદાસી પણ દુર થઈ ગઈ. બધા તેના મિત્રો બની ગયા.

થોડા દિવસ પછી આ શાળામાં કિશોર નામનો વિદ્યાર્થી દાખલ થયો. તે પણ ઉદાસ થઈ વસંતની જેમ બેંચ પર બેઠો રહેતો. કારણ કે તે અપંગ હતો. તે એકેય રમતમાં ભાગ લઈ શકતો ન હતો.


રાજે ઘરે જઈને વળી તેના પપ્પાને વાત કરતા રહયુ કે, 'અમારી શાળામાં હમણા નવો વિદ્યાર્થી કિશોર દાખલ થયો છે. તે અપંગ છે. એકસીડન્ટમાં તેનો એક પગ કપાવવો પડયો હતો. હવે તેને એક કૃત્રિમ પગ છે. તે અમારી સાથે રમી શકતો નથી. અમે તેની ઉદાસી જોઈ શકતો નથી. તેની ઉદાસી દૂર કરવાનો રસ્તો બતાવો."

બાલુભાઈએ થોડી વાર વિચાર્યુ પછી કહયું કે, 'તમારે રિસસેસમાં તેની સાથે લંગડી રમવું, એક પણ કૃત્રિમ હોવાથી તે લંગડી રમી શકશે."

બીજા દિવસે બધા વિદ્યાર્થીઓ કિશોર સોથ લંગડી રમ્યા.

હવે રોજ રિસેસમાં તેઓ ફકત ક્રિકેટ નહી પણ આંધળો – પાટો, અંતાક્ષરી કે લંગડી જેવી વિવિધ રમતો રમતા, અઠવાડિયામાં એક પણ વિદ્યાર્થી એક પણ રમત રમ્યો ન હોય તેવું બનવું નહી. આવી મિત્રતાની મહેક બીજી સ્કુલમાં પણ પ્રસરવા લાગી.


## આ મારું ચિત્ર છે




ગોરાખીયા નિકુંજ ભરતભાઈ
(ધો.૮ – શ્રીમતી પી.એન. વોરા વિદ્યાનિકેતન)



પરમાર શુભમ મુકેશભાઈ
(ધોરણ–૭–જેશીંગપરા કુમારશાળા)



મકવાણા અંકુર અરવિંદભાઈ
(ધો.૮, રૂપાયતન પ્રા.શાળા)




ચૌહાણ જાનકી વિઠ્ઠલભાઈ
(ધોરણ – ૭, જેશીંગપરા કન્યાશાળા અમરેલી)

# અમરેલીનાં માળીલા ગામે પંચાયત ભવનનું ભૂમિપૂજન કરતાં કૌશિક વેકરીયા



રાજય સરકારની વણથંભી વિકાસયાત્રામાં અમરેલી જિલ્લો અગ્રીમ હરોળમાં આગળ વધી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વની ડબલ એન્જિન સરકારમાં ગુજરાત રાજયની વિકાસયાત્રા દિનપ્રતિદિન આગળ ધપી રહી છે. આ કડીનાં ભાગરૂપે અમરેલી માળીલા ગામ ખાતે નિર્માણાધિન પંચાયત ભવનનું ખાતમુહૂર્ત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડિયા–કુંકાવાવ વિસ્તારનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાનાં હસ્તે સંપન્ન થયું હતું. મનરેગા યોજના હેઠળ રૂા. ૧૭ લાખના ખર્ચે નિર્માણ થનાર આ પંચાયત ભવન ગ્રામજનોની સુવિધામાં ઉમેરો કરશે. ગામની વિકાસયાત્રા વધુ ઝડપથી આગળ વધશે તેવો વિશ્વાસ નાયબ મુખ્ય દંડકએ વ્યકત કર્યો હતો. તેમણે ગ્રામજનોને જણાવ્યું હતું કે, અમરેલી–વડિયા–કુંકાવાવ વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ગામોનાં સ્થાનિક પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. માળીલા ગામ ખાતે અવિરત વીજ પુરવઠા માટેનો પ્રશ્ન પણ આગામી દિવસોમાં હલ થશે અને અમરેલી ફીડરમાં માળીલાનું વીજ કનેકશન જોડાણ કરવામાં આવશે. પીવાના મીઠા પાણી સહિતનાં ગામના વિવિધ પ્રશ્નોનો સકારાત્મક તેમજ વહેલી તકે હલ લાવવામાં આવશે. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ વિધાનસભા મતવિસ્તારના વિવિધ ગામોમાં દર છ મહિને લોકદરબાર યોજી અને આ પ્રકારે વિકાસકાર્યો અને સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

## લીલીયા : ચેક રીટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો





લીલીયા, તા. ૨

લીલીયનાં જયુ.મેજી. જજની કોર્ટમાં ફરિયાદી રાહુલભાઈ પુંજાભાઈ ડેરે આરોપી જીલુભાઈ વિરાભાઈ ભેડા વિરૂધ્ધ અંકે રૂા. ૬ લાખનો ચેક પાછો ફરતા નેગોશેબલ એકટ ૧૩૮ અન્વયે ફોજદારી કેસ દાખલ કરેલ તે કેસ લીલીયા કોર્ટના જજ સમક્ષ ચાલી જતા લીલીયા કોર્ટ દ્વારા ફરિયાદીનો કેસ ના સાબિત માની આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ આરોપી તર્ફે એડવોકેટ જયેશ પી. ત્રિવેદી તથા અર્જુન આર. કાકડીયા રોકાયેલ હતા.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં માર્કેટયાર્ડમાં કપાસનાં

મુકેલ છે. આમ માર્કેટયાર્ડનાં ચેરમેન શૈલેષભાઈ સંઘાણી ધ્વારા દંડનીય કાર્યવાહી કરી છેતરપીંડીના દુષણને ડામવા માટે સરાહનીય કામગીરી કરવામાં આવેલ. તેમ એક અખબારી યાદીમાં માર્કેટયાર્ડનાં સેક્રેટરી તુષા હપાણીએ જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદ ખાતે જુગાર રમતાં

ફોન નંગ–૬ કિ.રૂા. ૩૪૦૦૦/– તથા ગંજીપત્તાનાં પાના નંગ–૫૨ કિ.રૂા.૦૦ મળી કુલ કિં.રૂા. ૫૧,૪૬૦/–નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા પો.સ.ઈ. એમ.બી. ગોહિલ તથા પો.સ.ઈ. એમ.ડી.સરવૈયા તથા અમરેલી એલ.સી.બી.નાં એ.એસ.આઈ. બહાદુરભાઈ વાળા તથા પો.કોન્સ. વિનુભાઈ બારૈયા, લીલેશભાઈ બાબરીયા, યુવરાજસિંહ વાળા, તુષારભાઈ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૮૨ | ૧૨૮૨ |
| ૨ | શિંગ મોટી | ૧૧૯૦ | ૧૪૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૫૦ | ૧૭૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૪૨૦ | ૧૭૨૭ |
| ૫ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૭૫૫ |
| ૬ | તલ કાળા | ૧૯૦૦ | ૨૯૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૭૬૨ | ૩૦૬૫ |
| ૮ | બાજરો | ૩૬૧ | ૩૬૧ |
| ૯ | જુવાર | ૪૮૫ | ૯૧૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૫૩૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૬ |
| ૧૨ | મકાઈ | ૫૩૦ | ૫૯૨ |
| ૧૩ | મગ | ૧૬૩૩ | ૧૮૨૨ |
| ૧૪ | ચણા | ૬૮૦ | ૯૫૯ |
| ૧૫ | ચણા દેશી | ૯૦૦ | ૧૧૦૧ |
| ૧૬ | તુવેર | ૧૧૦૦ | ૧૭૭૩ |
| ૧૭ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૯ |
| ૧૮ | એરંડા | ૮૫૦ | ૧૦૫૨ |
| ૧૯ | જીરૂ | ૨૬૨૫ | ૮૩૦૦ |
| ૨૦ | ધાણા | ૮૫૦ | ૧૧૫૩ |
| ૨૧ | ધાણી | ૧૩૮૦ | ૧૩૮૦ |
| ૨૨ | મેથી | ૮૫૦ | ૧૧૩૧ |
| ૨૩ | સોયાબીન | ૯૦૦ | ૯૪૫ |

## પાના ૧ ઉપરનું ચાલું સોમનાથ–ચિતલ (અમરેલી)

ચિતલમાંથી બ્રોડગેજ રેલ્વે લાઈન પસાર થતી હોય જેનો લાભ લઈને સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરથી દેશની રાજધાની દિલ્હી અને દેશનાં આર્થિક રાજધાની મુંબઈ વચ્ચે બે ટ્રેન શરૂ કરાવે અને ચિતલ રેલ્વે સ્ટેશનને અમરેલી રોડ સ્ટેશન નામ આપીને અમરેલીથી ચિતલ વચ્ચેનાં માર્ગને સિકસ અથવા ફોર લેન બનાવી દે તો અમરેલી–ચલાલા–ધારી–સાવરકુંડલા–બાબરા–કુંકાવાવ સહિતની ૭ થી ૮ લાખ જનતાને દિલ્હી અને મુંબઈ સુધી જવાની સગવડતા ટૂંક સમયમાં જ મળી શકે તેમ હોય સત્તાધારી પક્ષનાં આગેવાનો જનતાની વ્યાજબી માંગ સંતોષે તે જરૂરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં પુત્રને મળવા આવેલ

રાજસ્થળી ગામે રહેતા અને વેલ્ડીંગનો ધંધો કરતાં દિલીપભાઈ મનસુખભાઈ પરમાર નામનાં ૨૫ વર્ષિય યુવકનાં પત્નિ ખુશ્બુબેન છેલ્લા એક વર્ષથી રીસામણે સમઢીયાળા ગામે હોય ત્યારે તેણી ભીમ અગિયારસ કરવા અમરેલી તેણીનાં મામાને ઘરે આવેલ હોય જેવી યુવકે પોતાની ૮ માસની દિકરીને જોયેલ ન હોય જેથી પોતાની પત્ની પાસે આવેલ. ત્યારે યુવકનાં સાળા લાલજીભાઈ રમેશભાઈ દાફડા(રે. સમઢીયાળા)એ યુવકને ગાળો આપેલ.

જયારે યુવકનાં પત્નિએ પોતાના જ પતિને બ્લેડ વડે ડાબા હાથથી કલાઈ ઉપર મારી દીધી હતી. જયારે નિમુબેન સંજયભાઈ સોલંકીએ પણ યુવકને મુંઢમાર મારી ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી : જુગારધામ ઉપર

હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોવાની બાતમી અમરેલી સીટી પોલીસને મળતા નાયબ પોલીસ અધિક્ષક પાસેથી વોરંટ મેળવી અને અમરેલી સીટી પોલીસે દરોડો પાડી રહેણાંક મકાનમાં ઉપરનાં માળે જુગાર રમતા ૩ ઈસમોને ઝડપી લીધા હતા. જયારે પોલીસે દરોડા પાડતા ઉપરનાં માળે ધાબા ઉપરથી ભીખાભાઈ ધનજીભાઈ માલવીયા, વિમલભાઈ પ્રિતમભાઈ આચાર્ય તથા મથંનભાઈ દિનેશભાઈ ધાનાણીએ કુદકો મારી દેતા ત્રણેયને ઈજા થતાં ૧૦૮ મારફત દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જયારે અન્ય ૩ ઈસમનો પોલીસે રોકડ રકમ રૂા. ૪૩૫૦ તથા મોબાઈલ ફોન–૩ કિંમત રૂા. ૬૧ હજાર મળી કુલ રૂા. ૬૫૩૫૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૦ |
| ૨ | ચણા | ૮૫૧ | ૮૭૦ |
| ૩ | જુવાર | ૯૦૧ | ૯૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૭૫ | ૨૬૧૧ |
| ૫ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| ૬ | મગફળી | ૧૩૦૦ | ૧૩૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૨ | શીંગ જીણી | ૧૩૫૧ | ૧૫૦૧ |
| ૩ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૬૧ |
| ૪ | શીંગદાણા | ૧૬૫૧ | ૧૮૦૧ |
| ૫ | તલ સફેદ | ૨૫૫૦ | ૨૭૦૦ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૨૭૫૦ |
| ૭ | કપાસ | ૧૪૦૦ | ૧૫૧૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૮૫ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૪૪૨ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૯૬૧ |
| ૧૨ | મગ | ૧૫૦૦ | ૧૭૨૦ |
| ૧૩ | અડદ | ૧૫૭૦ | ૧૭૦૪ |
| ૧૪ | ચણા | ૮૭૫ | ૯૫૬ |
| ૧૫ | તુવેર | ૧૫૮૦ | ૧૭૦૦ |
| ૧૬ | એરંડી | ૯૫૦ | ૧૦૪૦ |
| ૧૭ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૩ |
| ૧૮ | રાય | ૯૫૧ | ૧૦૪૧ |
| ૧૯ | ધાણા | ૮૫૧ | ૧૦૨૦ |
| ૨૦ | સોયાબીન | ૮૭૫ | ૯૩૫ |

## લીલીયા મોટા : સફાઈ કામદારનું મૃત્યુ જતાં વારસદારને સહાય ચુકવાઈ



લીલીયા મોટા, તા. ૨

લીલીયા મોટા ખાતે લીલીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે અંદાજે સાત વર્ષ પહેલા ગટર સફાઈ દરમિયાન બાબુભાઈ સોમાભાઈ વાળા (નાનજીભાઈ) વાળાનું ગટર સફાઈ કરતા સમયે ગેસ ગળતર થતાં મૃત્યુ થયેલ જેવોના વારસદાર સુમિતાબેન બાબુભાઈ વાળાને લીલીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે ૧૦.૦૦.૦૦૦ ( દસ લાખ ) નો ચેક અર્પણ લીલીયા સરપંચ જીવનભાઈ ડી. વોરા દ્વારા કરવામાં આવ્યો આ તકે લીલીયા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ બહાદુરભાઈ બેરા કિશોરભાઈ આચાર્ય તલાટી કમ મંત્રી ચારમીબેન સહિતના લોકો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું શેલણા ગામે ઘરમાં ચાલતા જુગારધામ

સારૂ બહારથી માણસો બોલાવી પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમવા માટે થઈ નામ ઉઘરાવી પોતાના ઘરની ઓફિસમાં જુગારનો અડો ચલાવતો હોવાની બાતમી વંડા પોલીસને મળતાં જેથી તેઓએ નાયબ પોલીસ અધિક્ષક સાવરકુંડલા પાસેથી વોરંટ મેળવી અને પોલીસ સ્ટાફ સાથે દરોડો પાડતા આ સ્થળેથી અલગ અલગ ગામનાં કુલ ૩૭ જેટલા પતાપ્રેમીઓને રંગે હાથ રોકડ રકમ રૂા. ૧,૨૪,૭૫૦, મોબાઈલ ફોન નંગ–૨૯ કિંમત રૂા. ૧,૫૧,૦૦૦ તથા મોટર સાયકલ નંગ–૫ કિંમત રૂા. ૫૦ હજાર મળી કુલ રૂા. ૩,૨૫,૭૭૦નાં મુદામાલ સાથે ધમધમતા જુગારધામમાંથી ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૨૫ |
| ૨ | મગફળી | ૧૦૮૧ | ૧૨૮૪ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૪૩૯ |
| ૪ | ચણા | ૭૫૧ | ૯૧૮ |
| ૫ | તલ | ૨૫૭૫ | ૨૫૯૮ |
| ૬ | મકાઈ | ૪૪૦ | ૫૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૬૦ | ૪૭૪ |
| ૨ | જુવાર | ૪૫૦ | ૯૦૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૦૧ |
| ૪ | મકાઈ | ૪૫૧ | ૪૯૧ |
| ૫ | મેથી | ૧૨૦૧ | ૧૨૫૦ |
| ૬ | સોયાબીન | ૯૧૦ | ૯૪૦ |
| ૭ | તવેર | ૧૬૬૧ | ૧૭૮૧ |
| ૮ | ચણા | ૭૦૦ | ૯૨૦ |
| ૯ | વટાણા | ૬૦૧ | ૬૦૧ |
| ૧૦ | અજમો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | શીંગ | ૧૧૨૫ | ૧૩૦૦ |
| ૧૨ | રાય | ૯૫૧ | ૯૫૧ |
| ૧૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૫૦ |
| ૧૪ | તલ કાળા | ૨૧૦૦ | ૨૩૨૩ |
| ૧૫ | એરંડી | ૮૦૦ | ૯૦૦ |
| ૧૬ | કપાસ | ૧૧૫૦ | ૧૪૯૦ |
| ૧૭ | રાજગરો | ૧૨૫૧ | ૧૨૫૧ |

## ધો.૧૦ અને ધો. ૧૨ પાસ માટે તક અમરેલી જિલ્લામાં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સની એજન્સી અપાશે

### ૯ જૂનનાં રોજ વોક ઈન ઈન્ટરવ્યુ

અમરેલી, તા. ૨

સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ અમરેલી ડિવિઝન દ્વારા પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ અને રુરલ પોસ્ટ લાઈફ ઈન્સ્યોરન્સની કામગીરીનાં વિસ્તૃતીકરણનાં ઉમદા હેતુ અંતર્ગત ડાયરેકટ એજન્ટની પસંદગી ''વોક–ઈન–ઈન્ટરવ્યુ'' તા.૯/૬/૨૦૨૩(શુક્રવાર)નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાખવામાં આવેલ હોય જેમાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ઉમેદવાર માટે ધોરણ ૧૦ પાસ અને શહેરી વિસ્તાર માટે ધોરણ ૧૨ પાસ લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોએ ઉપર જણાવેલ તારીખ અને સમયે પોતાના બાયો–ડાટા, ઉંમરનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતો આવશ્યક અસલ પ્રમાણપત્રો સાથે તેની પ્રમાણિત નકલો અને બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, અમરેલી ડિવિઝન, અમરેલીની કચેરીએ ઉપસ્થિત રહેવું.


### જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી.નં. ૪૦/૨૦૨૩

અરજદાર : શ્રી પોશીયા જેરામભાઈ નાગજીભાઈ
રે. ચકકરગઢ, તા. જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
– વ –
તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચકકરગઢ, તા.જિ. અમરેલી.

:: જાહેર નોટિસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચકકરગઢ ગામના રહીશ પોશીયા જેરામભાઈ નાગજીભાઈએ તેઓની પુત્રીશ્રી અસ્મિતાબેન જેરામભાઈ પોશિયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૧૨૪૯ | ૧૩૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૪૭૦ | ૨૬૩૦ |
| ૪ | મગ | ૧૪૫૫ | ૧૬૪૫ |
| ૫ | ઘઉં | ૩૯૫ | ૫૨૫ |
| ૬ | ચણા | ૮૭૧ | ૯૧૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૧૦ |
| ૨ | ધાણા | ૮૮૦ | ૧૦૭૫ |
| ૩ | ચણા | ૭૦૦ | ૯૨૪ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૯ |
| ૫ | શીંગ ફાડા | ૧૬૧૦ | ૧૬૭૦ |
| ૬ | એરંડી | ૧૦૦૧ | ૧૦૫૦ |
| ૭ | કાળા તલ | ૨૫૫૧ | ૨૭૦૧ |
| ૮ | સફેદ તલ | ૨૩૫૦ | ૨૭૦૦ |
| ૯ | મગ | ૧૬૦૦ | ૧૬૭૦ |
| ૧૦ | સોયા | ૯૦૦ | ૯૦૮ |
| ૧૧ | રાય | ૮૨૫ | ૮૨૫ |

### સર્પ પકડવામાં નામના મેળવનાર ''ડાભી સાહેબ''ની વધુ એક સેવા

# અમરેલીમાં દરરોજ સવારે જુદા-જુદા ૮૦ વ્યક્તિઓને બિલ્લાનાં સરબતનું વિનામૂલ્યે વિતરણ

### દરરોજ સવારે ભારે જહેમત ઉઠાવીને કરે છે જનસેવા

અમરેલી, તા. ૨

"અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી" આ ઉકિતને સાર્થક કરતાં અમરેલીનાં ખૂબ જ જાણીતા નિવૃત્ત શિક્ષક જેમણે છેલ્લા ૩૮ વર્ષથી ગમે તેવો ઝેરી અથવા તો બિનઝેરી સર્પને પકડી અને સલામત સ્થળે છોડવાની વિનામૂલ્યે કામગીરી કરે છે. ત્યારે આ જ નિવૃત્ત શિક્ષક ધ્વારા છેલ્લા ત્રણેક વર્ષથી બિલ્લીપત્રનાં ઝાડમાં બનતા બિલ્લાનાં ફળનું સરબત દરરોજ ૮૦થી પણ વધુ વ્યકિત વિનામૂલ્યે રૂબરૂ જઈ પીવડાવવાની પણ સેવા કરે છે.

વાત છે અમરેલીનાં નિવૃત્ત કલા શિક્ષક બાબુભાઈ બી. ડાભીની. જેઓ ૬૭ વર્ષની ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિ સાથે હંમેશા લોકોની સેવા કરવા માટે તત્પર હોય છે. અર્ધી રાત્રે પણ ફોન કરો તો તુરંત જ જવાબ મળે અને જરૂર પડયે



તુરંત જ હાજર થાય છે.

"ડાભી સાહેબ" તરીકે ઓળખાતા આ નિવૃત્ત કલા શિક્ષક છેલ્લા ત્રણ વર્ષથી સ્વખર્ચે બિલ્લાનું સરબત બનાવી યુવાનો, મહિલાઓ તથા સિનિયર સિટીઝનને પોતાના બાઈક ઉપર જઈ રૂબરૂ મળી વિનામૂલ્યે પીવડાવી અને અનુકરણીય કાર્ય કરે છે.

"ડાભી સાહેબ"નાં જણાવ્યા અનુસાર તેઓ વ્હેલી સવારે પોતાના બાઈક ઉપર જયાં જયાં બિલ્લીપત્રોનાં ઝાડ હોય છે ત્યાં પહોંચી જાય છે અને ઝાડ ઉપરથી નીચે ખરી પડેલા બિલ્લાનાં ફળને એકઠા કરે છે અને બાદમાં પોતાના ઘરે જઈ પોતાના પરિવાર સાથે તેઓ એકઠા કરાયેલા બિલ્લાનાં ફળને સાફ કરી અને તેમનું જયુસ બનાવે છે. આ જયુસમાં લીંબુ, સાકર સહિતની વસ્તુઓ ઉમેરે છે અને દરરોજ લગભગ ૧૭થી ૧૮ લીટર જયુસ બનાવ્યા બાદ તુરંત જ આ બનાવેલ જયુસને પોતાના રહેણાંક આજુબાજુનાં લોકો તથા શહેરમાં અલગ અલગ સ્થળોએ જઈ ૮૦થી પણ વધુ લોકોને આ જયુસ વિનામૂલ્યે પહોંચાડી આપે છે.

જો કોઈ વ્યકિત આવી સેવા કરવા માંગતા હોય તો તેમને પણ આ "ડાભી સાહેબ" સંપૂર્ણપણે તેમને સહકાર પણ આપે છે.

### બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી સામે ફરિયાદ

# ધીરેન્દ્ર શાસ્ત્રીએ વશીકરણ કરી ૧૩ હજાર રૂપિયા પડાવ્યાની પોલીસમાં અરજી

રાજકોટ, તા. ૨

રાજકોટનાં રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે બે દિવસ બાગેશ્વર ધામનો મહા દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે બાગેશ્વર ધામનાં ધીરેન્દ્ર શાસ્ત્રી સામે રાજકોટ પોલીસ કમિશ્નર કચેરીમાં લેખિત અરજી મોકલવામાં આવી છે. રાજકોટનાં હેમલ વિઠ્ઠલાણીએ પોલીસ કમિશ્નરને અરજી કરી છે. જે અરજીમાં જણાવવામાં આવ્યું છે કે જામનગરનાં શ્રદ્ધાળુને મંદિર નિર્માણ માટે ફાળો આપવાનું કહી હિપ્નોટાઈઝ કરી રૂ.૧૩ હજાર પડાવ્યાનો આરોપ લગાવવામાં આપ્યો છે. તેમજ ફાળો ઉઘરાવવા માટે ધીરેન્દ્ર શાસ્ત્રી હિપ્નોટાઈઝ કરતા હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રી બે દિવસીય રાજકોટની મુલાકાતે હતા.ત્યારે BAPS સ્વામિનારાયણ મંદિરમાં ધીરેન્દ્ર શાસ્ત્રીએ દર્શન કર્યા હતા. તેમજ સ્વામિનારાયણ મંદિરમાં હાજર સંતોએ ધીરેન્દ્ર શાસ્ત્રીનું ફૂલહાર પહેરાવીને સ્વાગત કર્યું હતું. જે બાદ ગત રોજ સાંજે રેસકોર્ષના મેદાનમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાયો હતો. જેમાં મોટી સંખ્યા લોકો ધીરેન્દ્ર શાસ્ત્રીનાં દર્શનાર્થે ઉમટ્યા હતા.આ દરમિયાન બાબાએ પ્રવચન આપતા કહ્યું હતું કે બપોરે ૨ થી ૫ રાજકોટમાં શ્વાન પણ બહાર નીકળતું નથી. મને રાજકોટ ગમી ગયું છે. વધુમાં જીવવું કેમ? તે દુનિયાએ રાજકોટવાસીઓ પાસેથી શીખવું જોઈએ. બાબાએ દિવ્ય દરબાર ખાતે નારો આપી હુંકાર કર્યો કે ખૂન હમારા ગરમ હૈ ક્યોંકિ હમ ગરમ હૈ પાગલો તમને ગર્વ થવો જોઈએ કે તમે હિન્દુ છો. તમે સનાતની છો.તેઓએ કહ્યું કે સનાતનીઓએ એક થવું પડશે. એક, બે દિવસ માટે નહિ પરંતુ કાયમી માટે એક થવું પડશે ત્યારે હિન્દુ રાષ્ટ્ર બનશે અને શાંતિ મંત્રની જગ્યાએ બાબા બાગેશ્વર દ્વારા ક્રાંતિ મંત્ર આપવામાં આવ્યો હતો.

રાજકોટમાં ગુરૂવારનાં રોજ યોજાયેલ ધીરેન્દ્ર શાસ્ત્રીનાં ભવ્ય લોકદરબાર બાદ તેઓનાં દર્શન કરવા નેતાઓ તેમજ ઉદ્યોગપતિઓને જમાવડો જામ્યો હતો. જેમાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ. ભરત બોઘરા, ધારાસભ્ય પબુભા માણેક સહિત અનેક ઉદ્યોગપતિઓ તેમજ નેતાઓ બાબાનાં આર્શીર્વાદ લેવા ઉમટ્યા હતા.

### અરબી સમુદ્રમાં સર્ક્યુલેશન બનવાની સંભાવના

# ૭થી ૧૧ જૂનમાં દ. સૌરાષ્ટ્ર, દ. ગુજરાતમાં વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૨

ગુજરાતમાં હવામાન વિભાગે વાવાઝોડાની આગાહી કરી છે. હવામાન વિભાગે અરબી સમુદ્રમાં સર્ક્યુલેશન બનવાની સંભાવના હોવાનું પણ કહ્યું છે. દક્ષિણ પૂર્વ અરબી સમુદ્રમાં ૫ તારીખે સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે. આ સાથે ૭ જૂન આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર બની શકે છે. જેને કારણે દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. જૂન મહિનાની ૭ થી ૧૧ વચ્ચે ભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ પૂર્વ અરબી સમુદ્રમાં ૫ તારીખે સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે. ચોમાસુ લક્ષદ્વીપ પહોંચ્યું છે હવે આગામી સમયમાં મુંબઈ પહોંચશે ત્યાર બાદ ગુજરાતનું ચિત્ર સ્પષ્ટ થશે. ચક્રવાતને લીધે કચ્છ અને સૌરાષ્ટ્રમાં વરસાદ થઈ શકે છે.

તે ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદ થઈ શકે છે. રાજ્યમાં ૮થી ૧૧ જૂન સુધીમાં વરસાદ થવાની શક્યતાઓ છે. તેમણે ચોમાસાને લઈને કહ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ૧૫થી ૧૭ જૂને ચોમાસુ બેસી શકે છે. જ્યારે ૨૨થી ૨૫ જૂને રાજ્યના અન્ય વિસ્તારોમાં ચોમાસુ બેસવાની શક્યતાઓ છે.

ગઈકાલે હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આગામી ૨૪ કલાક દરમિયાન વરસાદ વરસે તેવી આગાહી છે. જોકે, આ દરમિયાન સામાન્ય વરસાદ વરસે તેવું અનુમાન છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદી માહોલ રહેશે. જ્યારે ઉત્તર તેમજ મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હજુ ગરમી અનુભવાશે. રાજ્યમાં ૪૦ ડિગ્રી આસપાસ ગરમી અનુભવાશે. હવામાન વિભાગે અમદાવાદમાં ૧ જૂન અને ૪ જૂન માટે હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

### અમેરિકાના પ્રવાસમાં કોંગ્રેસ નેતાનું મોદી પર નિશાન

# વિપક્ષ એકજૂટ થઈ રહ્યું હોઈ ૨૦૨૪માં મોદીનો પરાજય નિશ્ચિત : રાહુલ ગાંધી

### લોકશાહી માટે પ્રેસની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે અને ટીકા સાંભળવી જ જોઈએ : રાહુલ ગાંધીનું અમેરિકામાં નિવેદન

વોશિંગ્ટન, તા. ૨

અમેરિકાના પ્રવાસે પહોંચેલા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પીએમ નરેન્દ્ર મોદી સામે જોરદાર નિશાન સાધ્યું હતું. વોશિંગ્ટનમાં નેશનલ પ્રેસ કલબ ખાતે મીડિયાના પ્રશ્નોના જવાબ આપતાં તેમણે કહ્યું કે કર્ણાટકની ચૂંટણી અમે બેરોજગારી અને વધતી મોંઘવારીને કારણે જીતી શક્યા છે. અમે એમ ન કહી શકીએ કે ભારતીય અર્થતંત્ર શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યું છે.

હાં તેમણે એમ જરૂર કહ્યું કે હવે વિપક્ષ એકજૂટ થઈ રહ્યું છે અને આગામી ૨૦૨૪માં પીએમ મોદી અને ભાજપનો પરાજય નક્કી છે. રાહુલે કહ્યું કે આપણે એવી સ્વતંત્ર સંસ્થાનોની જરૂર છે જે કોઈના દબાણમાં ન આવે. સંસ્થાઓની સ્વતંત્રતા પર સકંજો કસવામાં આવી રહ્યો છે. ભારતમાં પ્રેસની સ્વતંત્રતા નબળી પડી રહી છે, જે કોઈનાથી છુપાયેલો નથી અને આ વાત બધા જાણે છે. મને લાગે છે કે લોકશાહી માટે પ્રેસની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે અને ટીકા સાંભળવી જ જોઈએ. આ માત્ર પ્રેસની સ્વતંત્રતાનો મામલો નથી, દરેક જગ્યાએ આવી સ્થિતિ જોવા મળી રહી છે. સંસ્થાગત માળાખા પર સકંજો કસાઈ રહ્યો છે.

મુસ્લિમો વિશે વાત કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે તમામ ભારતીયોને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને તેમના ધર્મનું પાલન કરવાની સ્વતંત્રતાનો અધિકાર છે. તેમણે કહ્યું કે ભાજપ નફરતને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં ભાગલા પાડે છે. સરકારી સંસ્થાનો અને મીડિયા પર ચોક્કસપણે કબજો જમાવી લેવાયો છે. મેં દેશભરમાં ભારત જોડો યાત્રા યોજી હતી જેમાં મને લોકોનો ગુસ્સો દેખાયો હતો.

રાહુલે કહ્યું કે એ વાત સાચી છે કે ચીને અમારી જમીન પર કબજો જમાવ્યો છે અને તે તદ્દન અસ્વીકાર્ય છે. ચીનના કબજા હેઠળના અમારા પ્રદેશ પર મને ખબર નથી કે પીએમ કેમ અલગ રીતે વિચારે છે. ભારતમાં પહેલેથી જ ખૂબ જ મજબૂત સિસ્ટમ છે. જોકે આ સિસ્ટમ નબળી પડી ગઈ છે. પરંતુ એવું નથી કે ત્યાં કોઈ વ્યવસ્થા નથી. જો લોકતાંત્રિક સંવાદ શક્ય બનશે તો આ મુદ્દાઓ આપોઆપ ઉકેલાઈ જશે. ભાજપ સરકારના શાસનમાં વધતી મોંઘવારી અને રેકોર્ડ બેરોજગારીને કારણે સંપત્તિમાં તફાવત ઉભો થયો છે. પીએમ મોદી આર્થિક મોરચે જે હાંસલ કર્યાનો દાવો કરે છે તેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે.

દિલ્હીમાં સેવા બાબતે કેન્દ્રના વટહુકમ પર કેજરીવાલનું સમર્થન કરવા પર તેમણે કહ્યું કે આંતરિક ચર્ચા ચાલી રહી છે. વિપક્ષ એકજૂટ છે. અમે ભાજપને હરાવીશું. મને નથી લાગતું કે પીએમ મોદી ૨૦૨૪ જીતશે. તમે પણ ગણિત પર ધ્યાન આપશો તો સમજાશે. ભારતમાં લડાઈ ચાલી રહી છે. એક વિઝન છે, એક ધ્રુવીકરણ વિઝન છે, જેનો ભાજપ પ્રચાર કરી રહ્યો છે. એક બીજું વિઝન છે જે સર્વસમાવેશક લોકશાહી છે અને તે ઘણું મોટું છે.

પાર્ટીના ભૂતપૂર્વ પ્રમુખ ૫૨ વર્ષીય ગાંધીએ કહ્યું, "મને લાગે છે કે કોંગ્રેસ પાર્ટી આગામી બે વર્ષમાં ખૂબ જ સારું પ્રદર્શન કરશે. આગામી ત્રણ કે ચાર રાજ્યોની ચૂંટણીઓ માટે રાહ જુઓ અને તમે જોશો કે કંઈક શ્રેષ્ઠ થવાનું છે. અહીં વાતચીતમાં રાહુલ ગાંધીએ મુસ્લિમ લીગને ધર્મનિરપેક્ષ ગણાવી હતી. તેના પર ભાજપે આક્રમક વલણ અપનાવ્યો હતો. ખરેખર તો અમેરિકાની પ્રેસ કલબમાં રાહુલ ગાંધીને સવાલ કરાયો કે તમારી પાર્ટીનું કેરળમાં ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ સાથે ગઠબંધન છે? તો તેના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું કે મુસ્લિમ લીગ સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ છે. તેના વિશે કંઈ પણ બિન ધર્મનિરપેક્ષ નથી.

### યુએસમાં કોંગ્રેસના નેતાના નિવેદનથી રાજકીય ધમાસાણ

# દલિતો-મુસ્લિમો પર રાહુલના નિવેદનને માયાવતીનું સમર્થન

લખનૌ, તા. ૨

અમેરિકામાં કોંગ્રેસ નેતા અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના નિવેદન પર રાજકીય ઘમસાણ મચી ગયું છે.

ભાજપ આ મામલે રાહુલ ગાંધી સામે આક્રમક વલણ અપનાવી રહ્યો છે ત્યારે પૂર્વ સાંસદના નિવેદન પર બસપા પ્રમુખ માયાવતીની પ્રતિક્રિયા સામે આવી છે. બસપા સુપ્રીમો માયાવતીએ કહ્યું કે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ દ્વારા અમેરિકાના પ્રવાસ દરમિયાન ભારતના કરોડો દલિતો તથા મુસ્લિમ સમાજની દયનીય દશા તથા તેમના જાન-માલ, ધર્મની અસુરક્ષા વગેરે વિશે આપેલું નિવેદન એવું કડવું સત્ય છે જેના માટે કેન્દ્રમાં કોંગ્રેસ, ભાજપ તથા અન્ય પાર્ટીઓની રહેલી સરકારો પૂર્ણરૂપે દોષિત છે.

માયાવતીએ કહ્યું કે દેશમાં યુપી સહિત અન્ય રાજ્યોમાં કોંગ્રેસની સરકાર હોય અથવા ભાજપ કે પછી સપાની, બહુસંખ્યક બહુજન સમાજના ગરીબો તથા વંચિતો પર દરેક સ્તરે અન્યાય-અત્યાચાર તેમજ શોષણ સામાન્ય વાત છે.

જોકે યુપીમાં ફક્ત બસપાની જ સરકારમાં કાયદા દ્વારા કાયદાનું શાસન સ્થાપિત કરીને સૌની સાથે ન્યાય કરાયો હતો. બસપા ચીફે કહ્યું કે સાથે જ રાજકીય તથા ચૂંટણી સ્વાર્થ હેતુ અનવરત તથા અગણિત કોમી રમખાણો તથા જાતિવાદી ઘટનાઓના કાળા અધ્યાયથી ઈતિહાસ ભરેલો છે જેના માટે આરોપ-પ્રત્યારોપ થાય છે પણ આ કારણોથી આ વર્ગોના લોકો તેમનું હિતૈષી બંધારણ હોવા છતાં સતત શોષિત અને પીડિત તથા લાચાર છે.

# આવતીકાલ ૩ જૂન , વિશ્વ સાઈકલ દિવસ સાઈકલ સાઈકલ મારી સોનાની સાઈકલ



સંયુકત રાષ્ટ્ર દ્વારા પ્રથમ સત્તાવાર ''વિશ્વ સાઈકલ દિવસ'' ૩ જૂન ૨૦૧૮નાં રોજ ઉજવવામાં આવ્યો. ભારતમાં પણ છેલ્લા ઘણા વર્ષથી આ દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. પરિવહન માટેનાં એક સરળ, વ્યાજબી, વિશ્વસનીય અને વાતાવરણની સુરક્ષાને પ્રોત્સાહિત કરતા સાધન સાઈકલનું મહત્વ લોકો સુધી પહોંચાડવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. યુરોપિયન દેશોમાં સાયકલનો ઉપયોગ કરવાનો વિચાર ૧૮મી સદીનાં અંતમાં જ લોકોનાં મગજમાં આવી ગયો હતો. જો કે પ્રથમ વર્ષ ૧૮૧૬માં, પેરિસિયન કારીગરે તેને એક આકૃતિનું રૂપ આપ્યું. એ વખતે તેને હોબી હોર્સ એટલે લાકડીનો ઘોડો કહેવામાં આવતું હતું અને ત્યારબાદ ૧૮૬૫માં સાઈકલનું મૂળ સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હતું. ભારતમાં સાઈકલે આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી. આઝાદી પછી ઘણા દાયકાઓ સુધી સાઈકલ ટ્રાફિકનો મહત્વનો ભાગ રહી. ૧૯૬૦ થી ૧૯૯૦નાં દાયકા સુધી ભારતમાં મોટાભાગનાં પરિવારો પાસે સાયકલ હતી. એ સમયે તે એક મહત્વપૂર્ણ અને વ્યાજબી સાધન હતું. ભારતીય ટપાલ ખાતાની આખી સિસ્ટમ સાઈકલથી ચાલતી હતી. આજે પણ પોસ્ટમેન સાઈકલ દ્વારા પત્રો વહેંચે છે. સાઈકલ ગામડાઓમાં ખેડૂતો માટે બજાર સુધી પાકને પહોંચાડવાનું સાધન રહ્યું. જે આજે પણ અમુક અંશે યથાવત છે. દૂધ વેચનાર માટે પણ સાઈકલ એક મહત્વપૂર્ણ સાધન છે અને પ્રમાણમાં ઓછી આવક ધરાવતા મજૂરો માટે પણ તે ઉત્તમ વાહન છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકારનાં કેન્દ્રિય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા પોતાના સ્વાસ્થયની રક્ષા માટે સતત સાઈકલનો ઉપયોગ છેલ્લા ઘણા વર્ષોથી કરી રહ્યાં છે. સાઈકલ ચલાવવાનાં ઘણાં ફાયદા છે માટે તો તેને સોના સાથે સરખાવવામાં આવ્યું છે.

– દરરોજ અડધો કલાક સાઈકલ ચલાવવાથી સ્થૂળતા, ખાસ કરીને પેટની ચરબી ઓછી થાય છે.– દરરોજ સવારે સાઈકલ ચલાવવાથી તાજી હવા પણ મળે છે અને તમારી ફિટનેસને જાળવી રાખે છે.

– સાયકલ ચલાવવાથી રોગપ્રતિકારક શકિત પણ સારી રહે છે. એક અહેવાલ મુજબ સાઈકલ ચલાવવાથી ઈમ્યૂન સેલ્સ એકિટવ થઈ જાય છે જે રોગનું જોખમ ઘટાડે છે.– એક શોધ મુજબ રોજ ૩૦ મિનિટ સાઈકલ ચલાવવાથી વ્યકિતનું મગજ સામાન્ય વ્યકિત કરતા વધુ સક્રિય રહે છે અને બ્રેન પાવરમાં પણ ૧૫ થી ૨૦ ટકાનો વધારો થાય છે.– સાયકલમાં ડીઝલ અથવા પેટ્રલની જરૂર રહેતી નથી અને સ્વાસ્થય પણ જળવાય છે. તેનાથી પ્રદૂષણ ફેલાતું નથી માટે તે પર્યાવરણ માટે પણ અનુકૂળ છે.

**મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ભારતના લોકોને ગૌરવ અપાવવાનું એક મિશન છે

# ભારત ૩ જુલાઈએ ઈતિહાસ રચશે, ચંદ્રયાન-૩ થશે લોન્ચ

નવી દિલ્હી, તા. ૨

ભારત આવતા મહિનાની ૩જી તારીખે એટલે કે ૩જી જુલાઈએ નવો ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. રશિયા પણ ભારતની મદદ માટે આગળ આવ્યું છે અને તેણે તેના મૂન લેન્ડર મિશનને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. જેથી ભારતના ચંદ્રયાન-૩ને ચંદ્ર પર ઉતરવામાં સફળતા મળી શકે. જો ભારત ચંદ્રયાન લોન્ચ કરવામાં સફળ થાય છે, તો તે ચંદ્રયાનને સફળતાપૂર્વક લોન્ચ કરનાર વિશ્વનો ચોથો દેશ બની જશે. આ પહેલા અમેરિકા, રશિયા અને ચીન તેમના ચંદ્રયાનને સફળતાપૂર્વક લેન્ડ કરી ચૂક્યા છે. ચંદ્રયાન મિશન ૨ ૨ જુલાઈ ૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. જો કે, તે સમયે ચંદ્રયાન લોન્ચ કરનાર લેન્ડર વિક્રમ ક્રેશ થઈ ગયું હતું. ત્યારથી ભારત ચંદ્રયાન ૩ની તૈયારી કરી રહ્યું છે. ચંદ્રયાનના પ્રક્ષેપણ અંગે ઈસરોના ચીફ સોમનાથે કહ્યું કે અમે મિશન ચંદ્રયાન-૨માં ભલે નિષ્ફળ ગયા હોય પરંતુ ચંદ્રયાન-૩ની સફળતાથી ઈતિહાસ રચીશું. અમે ભૂતકાળની નિષ્ફળતામાંથી શીખીને આગળ વધ્યા છીએ. સોમનાથે કહ્યું કે નિષ્ફળતાનો અર્થ એ નથી કે આપણે આગળ વધવાનું બંધ કરી દઈએ. આ વખતે અમે ચોક્કસપણે ઈતિહાસ રચવાના છીએ. તે ભારતના લોકોને ગૌરવ અપાવવાનું એક મિશન છે. ચંદ્રયાનને શ્રી હરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. ઈસરોના જણાવ્યા અનુસાર ચંદ્રયાન-૩ને ચંદ્ર સુધી પહોંચવા માટે ત્રણ અલગ-અલગ ભાગો તૈયાર કરવામાં આવ્યા છે. ટેકનિકલ ભાષામાં તેને મોડ્યુલ કહે છે. ચંદ્રયાન-૩માં પણ ૩ મોડ્યુલ છે. ચંદ્રયાન-૨નું ઓર્બિટર પહેલેથી જ ચંદ્રની પરિક્રમા કરી રહ્યું છે, તેથી આ વખતે ઓર્બિટર મોકલવામાં આવી રહ્યું નથી. ઈસરોના વડાએ કહ્યું કે અમે આ વખતે ચોક્કસપણે સફળ થઈશું અને ભારતના લોકો ગર્વ અનુભવશે.

# ચાવંડ : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહારકતદાન કેમ્પ યોજાયો

ચાવંડ, તા.૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર – ચાવંડ ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. થેલેસેમીયાનાં વધતાં જતાં દર્દીઓને જરૂર પડતી રકતની પરિસ્થીતી તેમ જ જોખમી સગર્ભા બહેનોને પ્રસુતિ સમય દરમ્યાન પણ રકતની ખુબ જ જરૂરિયાત રહે છે. અને હાલની માર્ગ અકસ્માતની ગંભીર પરિસ્થીતી દરમ્યાન પણ રકતની જરૂર રહેતી હોય આવા ખુબ જ ગંભીર પરિબળોને ધ્યાનમાં લઈ પ્રા.આ.કે.ચાવંડ છેલ્લાં ૧૦ વર્ષથી જુદા–જુદા ગામોમાં રકતદાન કેમ્પો કરી આવાં દર્દીઓને માટે રકત એકઠું કરે છે.ગત વર્ષ ૨૦૨૨–૨૩ માં જુદા–જુદા ૧૨ ગામોમાં કુલ ૨૩ રકતદાન કેમ્પનું આયોજન કરી ૮૦૯ યુનિટ રકત અમરેલી જીલ્લા રકત બેન્કને પ્રા.આ.કે.ચાવંડનાં સહયોગથી મળેલ છે. આ વર્ષે ૨૦૨૩–૨૪ દરમ્યાન ૪ ગામોમાં ૪ કેમ્પનું આયોજન કરી અત્યાર સુધીનું કુલ ૧૨૪ યુનિટ બ્લડ કલેકટ કરવામાં આવેલ છે. પ્રા.આ.કે.ચાવંડનાં મેડીકલ ઓફીસર ડો.મુકેશસિંહ દ્વારા જાહેર જનતાને રકતની



ગંભીર જરૂરીયાતથી વાકેફ કર્યા હતા. અને રકતદાન કરવાથી શરીરમાં થતાં ફાયદાઓ વિશે માહિતી આપી હતી. અને કરેલ રકતદાન માતા મરણ અને બાળ મરણ અટકાવવામાં ખુબ જ ઉપયોગી સાબિત થાય છે. જે બાબતનું ધ્યાન દોર્યુ હતુ. આ રકતદાન કેમ્પમાં ટી.એચ.ઓ ડો.મકવાણા દ્વારા પ્રથમ રકતદાન કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલ હતો આ કેમ્પ દરમ્યાન કુલ ૩૯ યુનિટ બ્લડ કલેકટ થયું હતું આ કાર્યક્રમ દરમ્યાન પ્રા.આ.કે.નાં સ્ટાફમાં ગૌતમભાઈ બોરડ, પ્રભાતભાઈ બાંભવા, મનોજભાઈ બારૈયા, ચિરાગભાઈ, જયસુખભાઈ યાદવ, ભરતભાઈ, કશ્યપભાઈ ત્રીવેદી, વસીમભાઈ ખોજાણી, ડો. હિતેષભાઈ પરમાર, મુકેશભાઈ ગાંગડીયા અને રાવતભાઈ ગાગીયા, હીરેનભાઈ પરમાર હાજર રહયા હતા.

# ધારી વિધાનસભા વિસ્તારની ભાજપની કારોબારી બેઠક યોજાઈ



ચલાલા શહેર, ધારી તાલુકો તેમજ બગસરા તાલુકો તેમજ ખાંભા તાલુકાની સંયુકત કારોબારીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંયુકત કારોબારીમાં ગુજરાત ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ તેમજ અમરેલી જિલ્લા ભાજપનાં પ્રભારી ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય જે.વી. કાકડિયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં સંયુકત કારોબારીમાં અમરેલી જિલ્લા ભાજપનાં મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા તેમજ મેહુલભાઈ ધોરાજીયા તથા તમામ મોરચાનાં પ્રમુખ/મહામંત્રીઓ, હોદ્દેદારો, શહેર ભાજપની સમગ્ર કારોબારી ટીમ, ચૂંટાયેલા તમામ પદાધિકારીઓ, દરેક સેલ તેમજ મોરચાના સંયોજકો, શકિતકેન્દ્રનાં ઈન્ચાર્જ–સહ ઈન્ચાર્જઓ, બુથ પ્રમુખો તેમજ ટીમ ચલાલા અને ભારતીય જનતા પાર્ટીનાં તમામ કાર્યકર્તાઓ આ કારોબારીમાં ઉપસ્થિત રહ્યાં હતા.

# ખેલાડીઓએ એક સંયુક્ત નિવેદન જાહેર કર્યુ

# મહિલા પહેલવાનોને ૧૯૮૩ની વર્લ્ડકપની ટીમનું સમર્થન

**પહેલવાનો સાથે થયેલ ઘટનાને દુઃખદ ગણાવીને તેઓને ન્યાય મળશે તેવું આશ્વાસન આપેલ**

**ભારે મહેનત બાદ મેળવેલ મેડલને ગંગામાં ન વહાવી દેવા અનુરોધ કર્યો**

**સુનિલ ગાવસ્કર, કપિલ દેવ, વેંગસરકર, મદનલાલ સહિતનાં ક્રિકેટરોએ નિવેદન જાહેર કર્યુ**

**મહિલા પહેલવાનોને સમગ્ર દેશમાંથી વ્યાપક પ્રમાણમાં સમર્થન મળતાં સરકાર ચિંતામાં**



નવી દિલ્હી, તા. ૨

૧૯૮૩ની ક્રિકેટ વર્લ્ડકપ વિજેતા ટીમ હવે જાતીય સતામણીનો આરોપ મૂકી દેખાવો કરનારા મહિલા રેસલરોના સમર્થનમાં ઊતરી આવી છે. અનેક મોટા ક્રિકેટરોના સમર્થનથી હવે દેખાવકાર કુસ્તીબાજોનો જુસ્સો બુલંદ થયો હશે. આ મામલે આ વર્લ્ડકપ વિજેતા ટીમના ખેલાડીઓએ એક સંયુક્ત નિવેદન જાહેર કર્યું હતું.

૧૯૮૩ની ચેમ્પિયન ટીમે તેમના નિવેદનમાં લખ્યું કે, કુસ્તીબાજો સાથેના થયેલા ખરાબ વર્તનથી અમે પરેશાન છીએ. કુસ્તીબાજોએ દેશનું માન વધાર્યું છે. તમે મહેનતથી આ મેડલ જીતીને લાવ્યા છો. તમારી આ મહેનતને ગંગામાં વહાવી ન દેતા. કોઈપણ નિર્ણય લેવામાં ઉતાવળ ન કરશો. પહેલવાનો સાથે જે કંઈ થયું તે દુઃખદ છે. આશા છે કે તમારી વાત સાંભળવામાં આવશે. તમને જણાવી દઈએ કે આ પત્ર લખનારા ખેલાડીઓમાં ગાવસ્કર, કપિલ, વેંગસરકર, વિન્ની અને મદનલાલે આ સંયુક્ત નિવેદન જાહેર કર્યું હતું.

### જેશીંગપરા વિસ્તારની ઘટના

## અમરેલી : જુગારધામ ઉપર પોલીસ ત્રાટકતા ૪ પત્તાપ્રેમીઓએ ધાબા ઉપરથી કુદકો મારી દીધો

**3 પત્તાપ્રેમીઓને ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડાયા**

અમરેલી, તા. ૨

અમરેલીનાં જેશીંગપરામાં ધારી રોડ ઉપર રહેતા કેવીનભાઈ શૈલેશભાઈ ડોડીયાનાં રહેણાંક મકાનમાં ૭ જેટલા પતાપ્રેમીઓ પૈસાની

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવકુંડલા નજીક આવેલ

## શેલણા ગામે ઘરમાં ચાલતા જુગારધામ ઉપર પોલીસ ત્રાટકી : 3૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**રોકડ રૂા. ૧.૨૫ લાખ સહિત રૂા. ૩.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાનાં શેલણા ગામે રહેતા અને વેપાર કરતા અભિજીત બાપલુભાઈ જેબલીયા નામનાં યુવકે પોતાના આર્થિક ફાયદા

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## જાફરાબાદ ખાતે જુગાર રમતાં ૯ પત્તાપ્રેમીઓની અટકાયત

**રૂપિયા એકાવન હજારનો મુદ્દામાલ જપ્ત**



અમરેલી, તા. ૨

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈ કાલ તા. ૧/૬/૨૦૨૩ની રાત્રીનાં જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે જાફરાબાદ, સામાકાંઠા વિસ્તારમાં બાપા સીતારામની મઢુલી પાસે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા નવ ઈસમોને જુગાર રમતાં રોકડ રકમ, મોબાઈલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### સાવરકુંડલાનાં પિતા–પુત્ર સહિત ત્રણ દ્વારા થયું કારસ્તાન

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં કપાસનાં વજનમાં છેતરપીંડી આચરવાનું કૃત્ય કરનાર સામે કાર્યવાહી

**વેપારી સાથે થયેલ રૂપિયા ૬૬ હજારની છેતરપીંડીની રકમ પરત અપાવી**



અમરેલી, તા. ૨

અમરેલી મુખ્ય યાર્ડમાં સાવરકુંડલાનાં ધર્મેશભાઈ કાળુભાઈ ગાજીપરા તથા તેમના પિતા કાળુભાઈ જેઠાભાઈ ગાજીપરા અને ભાણેજ રોશન જયસુખભાઈ દુધાત (રહે. ત્રાકુડા) કપાસ તથા ઘઉં વેચાણ અર્થે ટ્રેકટરમાં લઈને તા. ૯/૫/૨૦૨૩, તા. ૧૬/૫/૨૦૨૩, તા. ૨૩/૫/૨૦૨૩ તથા તા. ૨૪/૫/૨૦૨૩નાં રોજ આવેલ છે દરેક વખતે કપાસ ભારી–૨૨ તથા ઘઉં કટા–૫ લઈને આવતા હતા તેમજ દરેક વખતે ઘઉં ટ્રેકટર ટ્રોલીસમાં તળીયે પાછળના ભાગે જોઈ ન શકાય તેમ રાખીને કપાસની હરરાજીની લાઈનમાં ટ્રેકટર રાખી હરરાજી થયા બાદ ઘઉં સાથે કપાસનો વે–બ્રીજ કરાવી ત્યારબાદ ઘઉં અન્ય સ્થળે નીચે ઉતારી લઈ છેતરપીંડી આચરતા હતા. જે અંગે કપાસ ખરીદનાર વેપારી બંસી ટ્રેડર્સમાં વજન ઘટતા તેઓએ સંસ્થાને જાણ કરતા સીસીટીવી કુટેજ તથા સંલગ્ન પુરાવાઓની ચકાસણી કરતા છેતરપીંડીની સમગ્ર બાબત સામે આવેલ. જે અન્વયે આ ઈસમોને રૂબરૂ બોલાવતા તેઓએ આ ગુનાની કબુલાત કરેલ અને છેતરપીંડીથી મેળવેલ રકમ રૂા. ૬૦,૦૦૦ પરત મેળવી કપાસની ખરીદી કરતા લાયસન્સદાર વેપારી બંસી ટ્રેડર્સવાળાને થયેલ નુકસાનીની રકમ રૂા. ૬૬,૦૦૦ પરત અપાવેલ તેમજ ઉપરોકત ઈસમો પાસેથી સંસ્થા ધ્વારા રૂા. ૧૧,૦૦૦ દંડ વસુલી માર્કેટયાર્ડમાં પ્રવેશવા ઉપર આજીવન પ્રતિબંધ

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલા નજીક આવેલ

## ગાધકડા ગામે વૃધ્ધ વેપારીની દુકાનમાંથી રોકડ રૂા. ૭૦ હજારની ચોરી : ૨ સ્થળોએ પ્રયાસ

**વેપારી રાત્રે રખોપુ કરવા ગયા અને તસ્કરોએ લાભ લીધો**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામે રહેતા અને ખેતી તથા એગ્રોની દુકાન ધરાવતા પરશોતમભાઈ મનજીભાઈ શ્યાણી નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૩૦/૫ નાં રોજ પોતાની વાડીએ રખોપુ કરવા ગયા હતા. ત્યારે રાત્રીનાં સમયે તેમના ઘર પાસે આવેલ એગ્રોની દુકાનમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં રહેલ રોકડા રૂા. ૭૦ હજારની ચોરી કરી લઈ ગયાની તથા તે જ ગામે રહેતા લક્ષ્મણભાઈ ગોબરભાઈ જયાણીનાં ઘરની ગ્રીલ તોડી તથા મનુભાઈ શંભુભાઈ હુંમરનાં બંધ મકાનનાં દરવાજાનું તાળુ તોડી ચોરીનો પ્રયાસ થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


BEST SCHOOL AWARD 2023

અમરેલી જિલ્લામાં સુદ્રઢતા... સુનિશ્ચિતતા... સામર્થતતા... નો સમન્વય એટલે...

શ્રીમતિ શાંતાબેન હરિભાઇ ગજેરા સ્કૂલ (વિદ્યાસભા) અમરેલી

વિદ્યાસભા–સ્કૂલ–હોસ્ટેલ પ્રવેશ રજીસ્ટ્રેશન શરૂ છે



સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા
પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા

ધો. ૧૦, ધો. ૧૨ સામાન્ય પ્રવાહ, ધો. ૧૨ સાયન્સ પ્રવાહમાં વિદ્યાસભા સ્કૂલનો દબદબો યથાવત રાખતી સ્કૂલ...

- ધોરણ ૧૦ માં વિદ્યાસભા અમરેલીનું પરિણામ ૯૪.૫૬ %
- HSC વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૩.૨૨ %
- ધોરણ ૧૨ માં સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૦.૯૧ %

ધોરણ ૧૧ માં પ્રવેશકાર્ય શરૂ

ડીઝીટલ સ્માર્ટ કલાસરૂમની વ્યવસ્થા ઇન્ટરનેટ સાથે

સ્કૂલ કાર્યક્ષેત્ર : બાલમંદિર થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ/આર્ટસ

હોસ્ટેલ કાર્યક્ષેત્ર : ધો. ૪ થી ૧૨ બોયઝ/ગર્લ્સ માટે અલગ અલગ હોસ્ટેલ સુવિધા

૧૦૦ એકરમાં પથરાયેલું અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ સુવિધાયુકત કેમ્પસ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં ડિજીટલ માધ્યમથી શ્રેષ્ઠ સર્વાંગી શિક્ષણ આપતી એકમાત્ર સંસ્થા...

- છેલ્લા ૧૫ વર્ષથી શ્રેષ્ઠતમ પરિણામની અવિરત પરંપરા ■ અનુભવી-નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા શિક્ષણકાર્ય આપવામાં આવે છે
- સૌથી ઓછી ફી ■ અધતન અટલ ટીંકરીંગ લેબ - કમ્પ્યુટર લેબ - સ્કીલ સ્કૂલ - સાયન્સ લેબ દ્વારા પ્રેકટીકલ શિક્ષણકાર્ય
- નિઃશુલ્ક ટ્યુશન અને એક્સ્ટ્રા કલાસીસ ■ સ્પોર્ટસ ક્ષેત્રે જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ અમારા કેમ્પસમાં જ કાર્યરત
- શુટીંગ રેન્જ ઈન્ડોર-આઉટ ડોર રમતોના સુસજ્જ મેદાન તેમજ અનુભવી કોચ-ટ્રેનર દ્વારા ટ્રેનીંગ
- ૧૦,૦૦૦ થી પણ વધારે પુસ્તકો ધરાવતી લાયબ્રેરી ■ પ્રેકટીકલ નોલેજ સાથે ૨૩ થી પણ વધારે કલબ એકટીવીટી
- ડેઈલી ટેસ્ટ/રિપીડેટલી, કવાર્ટરલી પરિક્ષા દ્વારા નિયમીત વિદ્યાર્થીઓનું મુલ્યાંકન
- કેમ્પસમાં આર.ઓ. ફીલ્ટર પાણી, દરરોજ વૈવિધ્યસભર પૌષ્ટિક ભોજન
- ડીઝીટલ ટેકનોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓની ડેઈલી એકટીવીટીની માહિતી વાલીઓને પહોંચાડવી.

બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે
વિદ્યાસભા મેનેજમેન્ટ વાલીશ્રીઓને રૂબરૂ મુલાકાત માટે આવકારે છે

એડમીશન હેલ્પલાઈન નં. 94262 35335

ડૉ. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ

વિદ્યાસભા કેમ્પસ લાઠી રોડ, અમરેલી.

ફોન નં.(૦૨૭૯૨) ૨૩૦૫૧૧/૬૧૧/૭૧૧/૮૧૧ - મો.૯૪૨૯૨ ૩૫૩૩૫








Since 1986

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

સમય અને સમજદારી બંને કિસ્મતવાળા લોકોને મળે છે. સમય પર સમજદારી નથી આવતી અને સમજાય ત્યારે સમય નીકળી જાય છે.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)